

# ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ - સાતમું



પ્રથમાવૃત્તિ : ૨૦૧૭ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ.મધુ સંપટ
શ્રીમતી સ્મિતા દવે
શ્રી. ઇલેશકુમાર આર. ગાંધી

ગુજરાતી અભ્યાસજૂથ : સુશ્રી. ઇલા શુક્લ
શ્રીમતી ભગવતી એ. પંડ્યા
ડૉ. દિપ્તી શુક્લ
શ્રીમતી જનક દાવડા, નિમંત્રિત
કેતકી નિતેશ જાની,
સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ : કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૪

ચિત્રાંકન અને મુખપૃષ્ઠ : શ્રી. સંજય પટેલ, મુંબઈ

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સંદીપ આજગાંવકર,
નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : ગુજરાતી વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪.

કાગળ : 70 GSM Creamwove

મુદ્રણાદેશ : N/PB/2017-18/

મુદ્રક :

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઇ - ૨૫.

## પ્રસ્તાવના

જુન-૨૦૧૭ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં આપ સૌનું સ્વાગત છે. સાતમા ધોરણનું 'સાહિત્ય પરિચય'નું નવું પાઠ્યપુસ્તક તમારા હાથમાં મૂકતા ખૂબજ આનંદ થાય છે. આશા છે કે આ પાઠ્યપુસ્તક આપનું મિત્ર બની રહેશે.

આ પાઠ્યપુસ્તકમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક કૃતિઓ સાથે રાષ્ટ્રીયતાને પોષક, મૂલ્યનિષ્ઠ, એકાગ્રતાને કળવે તેવી અને લાગણીસભર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પર્યાવરણ અંગે જાગૃતિ લાવે, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ થાય, બૌદ્ધિક વિકાસની સાથે પ્રવાસ અને માહિતીના જ્ઞાનમાં વૃદ્ધિ કરે અને દરેક ભાષિક કૌશલ્યોનો વિકાસ થાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભાષિક સમજની ખૂબજ સરળ શબ્દોમાં રજૂઆત વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકશે. અહીં આપેલા પ્રકલ્પો વિદ્યાર્થીઓની સર્જનશક્તિ ખીલવશે 'કૃતિમાંથી શબ્દો શોધો', 'નિરીક્ષણ કરો', 'ચર્ચા કરો', અને વિચારશીલ સ્વાધ્યાયો વિદ્યાર્થીઓની આકલનશક્તિને વેગ આપશે.

આ પાઠ્યપુસ્તકના અધ્યયન પછી વર્ષના અંતે વિદ્યાર્થીઓ અપેક્ષિત ક્ષમતાઓ ચોક્કસ પ્રાપ્ત કરી શકશે તેવો વિશ્વાસ છે. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ પુસ્તકને આવકારશે તેવી અપેક્ષા.

પુણે
તારીખ : ૨૮/૦૩/૨૦૧૭, ગુડી પડવો,
ભારતીય સૌર : ૭ ચૈત્ર ૧૯૩૯



ડૉ. સુનિલ મગર
(સંચાલક)
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક
નિર્મિતિ મંડળ, પુણે

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થપાયેલ સમન્વય સમિતીની દિ. ૩-૩-૨૦૧૭ રોજની બેઠકમાં આ પુસ્તક નિર્ધારિત કરવા માન્યતા આપવામાં આવી છે.

ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ - સાતમું

નામઃ ______________________________

______________________________

શાળાઃ ______________________________



બાજુના 'ક્યુ આર કોડ' સ્માર્ટ ફોનનો ઉપયોગ કરીને સ્કૅન કરી શકાય છે. સ્કૅન કર્યા પછી આ પાઠ્યપુસ્તકના અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી લિંક/લિંક્સ (URL) મળશે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા


| ક્રમ. | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | મૈત્રીભાવનું પવિત્ર | ચિત્રભાનુ | ૧ | ૭ |
| ૨. | ગૃહલક્ષ્મી | લોકકથા | ૫ | ૮ |
| ૩. | ત્રિરંગો | મણિલાલ શ્રીમાળી | ૧૧ | ૭ |
| ૪. | મૂર્તિ | ડૉ. આઈ. કે. વીજળીવાળા | ૧૪ | ૮ |
| ★ | **ભાષિક સમજ** | | **૧૮** | **૬** |
| ૫. | ખમ્મા વીરાને ! | ન્હાનાલાલ | ૧૯ | ૭ |
| ૬. | સુગંધ કચ્છની | દર્શના ધોળકીયા | ૨૨ | ૮ |
| ૭. | તરુવર | કિશોરલાલ મશરૂવાળા | ૨૭ | ૭ |
| ૮. | વિટામીન ઝિંદાબાદ | મગનલાલ ગંધા | ૩૧ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | **૩૮** | **૬** |
| ★ | **ભાષિક સમજ** | | **૩૮** | **૩** |
| ★ | **કવિ-લેખક પરિચય** | | **૪૦** | **૨** |


શિક્ષકમિત્રો,

આ પાઠ્યપુસ્તકમાં પ્રત્યેક કૃતિના અધ્યાપન માટે અનુક્રમણિકામાં પિરિયડ ફાળવાનો નૂતન અભિગમ આવકારશો તેવી અપેક્ષા છે.

અહીં ફાળવેલા પિરિયડ માર્ગદર્શન માટે છે. તમે તમારા સંજોગો પ્રમાણે વધઘટ કરી શકો છો. પ્રત્યેક કૃતિના અધ્યયનને પર્યાપ્ત પિરિયડ આપવાનો આગ્રહ રાખવો.

'હું વાંચું............તમે પણ વાંચો' માટે પણ પિરિયડ ફાળવવા આવશ્યક છે.

# ૧. પ્રાર્થના

ાોિી કીે.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે,
ગુણથી ભરેલા, ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે;
મૈત્રીભાવનું....

દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે.
મૈત્રીભાવનું....

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તો યે સમતા ચિત્ત ધરું.
મૈત્રીભાવનું....

ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.
મૈત્રીભાવનું....

– ચિત્રભાનુ



## સ.૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) દોસ્તી................................ (૨) હૃદય ................................

(૩) ગરીબ ................................ (૪) દયા ................................

(૫) રસ્તો ................................ (૬) અવગણના ................................

(૭) ઘાતકી ................................ (૮) મુસાફર

## સ.૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ કૌંસમાંથી શોધો.

(દયાળુ, અશુભ, પુણ્ય, અમંગલ, મૃત્યુ, અધર્મ, દુશ્મની, અવગુણ)

(૧) જીવન × મૃત્યુ (૨) મૈત્રી ×

(૩) શુભ × (૪) ક્રૂર ×

(૫) ગુણ × (૬) ધર્મ ×

(૭) પાપ × (૮) મંગલ ×

## સ.૩ ઉદાહરણ મુજબ અર્થભેદ લખો.

દા.ત. દિન = દિવસ, દીન = ગરીબ, રાંક

(૧) પાણિ : પાણી (૨) વધુ : વધૂ

(૩) રવિ : રવી (૪) સુર : સૂર

(૫) ચીર : ચીર (૬) પુર : પૂર

## સ.૪ ઉદાહરણ મુજબ 'ઇક' લગાવી વિશેષણ બનાવો.

દા.ત. (૧) ધર્મ – ધાર્મિક દા.ત. (૨) દેહ – દૈહિક

(૧) મંગલ – (૧) વેદ –

(૨) સમાજ – (૨) દેશ –

(૩) અર્થ – (૩) દેવ –

દા.ત. (૩) ઇતિહાસ – ઐતિહાસિક દા.ત. (૪) ભૂગોળ – ભૌગોલિક

(૧) દિન – (૧) પુરાણ –

(૨) નીતિ – (૨) મૂલ –

(૩) વિશ્વ – (૩) બુદ્ધિ

## સ.૫ વિશેષણ અને વિશેષ્યને યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) કરુણા ભીની | (૧) જીવન પથિક |
| (૨) શુભ | (૨) ગીતો |
| (૩) માર્ગ ભૂલેલા | (૩) આંખો |
| (૪) મંગલ | (૪) સ્રોત |

## સ.૬ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ લખો.

(૧) ..........ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે.

(૨) વેર, ઝેરનાં પાપ તજીને, ................ ગીતો એ ગાવે.

(૩) એ સંતોના ચરણકમલમાં મુજ જીવનનું.................. રહે.

(૪) શુભ થાઓ આ સકલ ................ નું એવી ભાવના નિત્ય રહે.

## સ.૭ યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યામાં લખો.

(૧) કવિના મનમાં.............નું પવિત્ર ઝરણું વહે છે.

(ક) દયાભાવ (બ) કરુણાભાવ (ગ) મૈત્રીભાવ

(૨) સહુ માનવીનાં હૈયે................આવે એવું કવિ ઇચ્છે છે.

(ક) જાતિ ભાવના (ખ) ધર્મ ભાવના (ગ) મંગલ ભાવના

(૩) કવિ ઇચ્છે છે કે સંતોના ચરણકમળમાં મારા જીવનનું .................રહે.

(ક) નૃત્ય (ખ) સ્રોત (ગ) અર્ઘ્ય

## સ.૮ તમારા મિત્ર વિશે પાંચ વાક્યો લખો.

## સંભાષણ

★ તમે કોઈ દીનદુ:ખિયાને મદદ કરી હોય તો તે પ્રસંગનું વર્ણન વર્ગના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરો.

★ ટહુકો ડોટ કોમમાં 'જીવન અંજલિ થાજો' કાવ્ય સર્ચ કરી વાંચો.

## પ્રકલ્પ

★ સર્વધર્મ સમભાવની એકાદી કવિતા કાર્ડબોર્ડ પર લખી, ધર્મનાં પ્રતીકોનાં ચિત્રો દોરો.

**હું વાંચું.............. તમે પણ વાંચો.**

ઓ પ્રભુ પ્યારા
દેવદુલારા
મનમંદિરમાં આવોને
આ વિશ્વના તારણહારા
સર્વ જીવોના રક્ષણહારા,
ઓ પ્રભુ પ્યારા
નંદદુલારા.............. મનમંદિરમાં
નાનાં નાનાં ભૂલકાં પ્યારાં
દર્શન કરવા આવે તારાં
ઓ પ્રભુ પ્યારા
મોરલીવાળા........ મનમંદિરમાં
બે કર જોડી પ્રાર્થના કરીએ
નિશદિન તારું ધ્યાન જ ધરીએ.
ઓ પ્રભુ પ્યારા

## અધ્યાપન સંકેત

આ કવિતાનું સમૂહગાન કરાવવું. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના વિદ્યાર્થીઓમાં દૃઢ થાય એવાં ઉદાહરણો આપવાં. કાવ્યમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરી જુદા જુદા ધર્મનાં પ્રતીકોની સમજ આપવા વિદ્યાર્થીઓ સાથે સક્રિય ચર્ચા કરવી અને સાચા માનવધર્મ તેમજ મૈત્રીધર્મની વાતો ઉદાહરણ આપી સ્પષ્ટ કરવી. દીન-દુ:ખિયાને મદદ કરવી તેમ જ સંવેદનશીલતાના ગુણ વિદ્યાર્થીઓમાં કેળવાય એવા એકાદ-બે પ્રસંગો કહેવા. કવિતામાં આવતા બે અક્ષરના, ત્રણ અક્ષરના અને ચાર અક્ષરના શબ્દોનું અનુલેખન તેમજ શ્રુતલેખન કરાવવું.

**મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;**
**સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.**

# ૨.ગૃહલક્ષ્મી

ચાલો વાર્તા સાંભળીએ......

એક નગરશેઠ - ચાર દીકરા - શેઠની ઉંમર થવી - કારભાર સોંપતા પહેલાં દીકરાઓની કસોટી કરવાનો નિર્ણય - ચારેયને બોલાવવા - પાંચ રૂપિયામાં  ઓરડો ભરવાની વાત - પહેલો દીકરો વાપરી નાંખે છે - બીજો દીકરો ઘઉં ખરીદીને ગમે તેમ વેરી દે છે - ત્રીજો રૂના ઢગલા કરે છે - ચોથો ઘી, કોડિયું, રૂ, માચીસ ખરીદીને દીવો કરે છે - પ્રકાશથી ઓરડો ભરાઈ જાય છે - હોંશિયારીથી શેઠ પ્રસન્ન - કારભાર ચોથા દીકરાને સોંપવો -



ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું. દૂર દેશાવર સાથે એમનો વેપાર ચાલતો હતો. એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી. ઘરમાં ખરચતાં ખૂટે નહિ, તેટલું ધન હતું. આમ છતાં શેઠ ગણતરીવાળા હતા. એ સમજતા હતા કે ઘરની રાણી આવડતવાળી ન હોય, તો અઢળક ધન પણ ખૂટી જાય.

શેઠને ચાર દીકરા હતા. દીકરાઓની ચાર વહુઓ હતી. દીકરા તો જીવ પરોવીને વેપાર-ધંધામાં પડી ગયા હતા. એમની હોંશિયારી અને સમજદારીથી શેઠને સંતોષ હતો. દીકરાઓની વહુઓ ચાલાક અને ઘરરખુ છે કે નહિ એ જાણવાની શેઠને ઇચ્છા થઈ. એમનું પારખું કરવા માટે શેઠે એક યુક્તિ વિચારી કાઢી.

એક દિવસે શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, ''બેટા, હું આજે તમને દરેકને ડાંગરના આ પાંચ-પાંચ દાણા આપું છું. કોઈક વાર એ દાણા હું તમારી પાસેથી પાછા માગીશ; માટે એ દાણા જતન કરીને સાચવી રાખજો.'' એટલું કહી એમણે દરેક વહુને પાંચ-પાંચ દાણા આપી વિદાય કરી. વહુઓ દાણા લઈ હસતી-હસતી ચાલી ગઈ.

મોટી વહુ જરા ઉછાંછળી અને છીછરી બુદ્ધિની હતી. એને થયું, ''ડોસાય કેવા ઝીણા જીવના છે ! આપી-આપીને ડાંગરના પાંચ દાણા ! એમ વિચારી, દાણા બારી બહાર ફેંકી દઈ એ નિરાંતે સૂઈ ગઈ. સસરાજીની વાતનો મર્મ એ સમજી શકી નહિ.

બીજા છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી, તેને થયું ''સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા. એ તો એની પ્રસાદી ગણાય. એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય. પાછા માગશે ત્યારે જોયું જશે. કોઠીમાંથી કાઢીને બીજા દાણા આપતાં શી વાર લાગવાની છે?'' એવો વિચાર કરી, દાણા ફોલી કણ ખાઈ ગઈ. એને પણ સસરાજીની વાતનો મર્મ ન સમજાયો.

ત્રીજા છોકરાની વહુ જરાક ઝીણા સ્વભાવની હતી. એણે વિચાર્યું, ''સસરાજીએ આપેલા પાંચ દાણા દાબડીમાં મૂકીને સાચવી રાખવા અને માગે ત્યારે દાબડી ખોલીને કાઢી આપવા. એમાં કંઈ મોટી વાત નથી.'' એમ વિચાર કરી એણે એ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા. ત્રીજી વહુ પણ શેઠની વાતનો મર્મ સમજી શકી નહિ.

સૌથી નાના દીકરાની વહુ ચતુર અને સમજુ હતી. એને થયું, ''સસરાજીની વાતમાં કાંઈક ઊંડો મર્મ હોવો જોઈએ. આ દાણા સંઘરી રાખવા એ વાત તો સાચી, પણ સંઘરેલા દાણા વખત જતાં બગડી જાય, એના કરતાં એ દાણા ખેતરમાં વવરાવી દઉં તો કેવું? કણમાંથી મણ થતાં અનાજને કેટલી વાર? અને સસરાજીને પણ એ જરૂર ગમી જશે.''

આમ વિચાર કરી એણે આ પાંચ દાણા પોતાના પિયરમાં મોકલાવીને વવરાવ્યા. એક સાલ ગઈ. બીજી સાલ ગઈ. પાક પાકતો ગયો ને વહુ એને ફરી-ફરી વવરાવતી ગઈ. આ રીતે પેલા દાણા વધતા જ ચાલ્યા. પેલી ત્રણેય મોટી વહુઓ તો આ દાણાની વાત પણ ભૂલી ગઈ હતી. પણ ચોથી વહુને તો આ વાત હરહંમેશ યાદ રહેતી. પછી એક દિવસ શેઠે ચાર વહુઓને બોલાવીને કહ્યું, ''વહુ બેટા, ડાંગરના પેલા પાંચ દાણા પાછા આપો.'' પહેલી બે વહુઓ કહે, ''એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ દાણા ક્યાંથી લાવીએ? કહો તો કોઠીમાંથી પાંચ-પાંચ દાણા લઈ આવીએ.'' ત્રીજી વહુ કહે, ''સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું.'' એમ કહી એ ઘરમાં ગઈ અને દાબડીમાંથી કાઢી એણે પાંચેય દાણા સસરાજીના હાથમાં મૂક્યા. નાની વહુ આ બધું જોતી, ધીમું-ધીમું હસી રહી હતી. શેઠે કહ્યું, ''દીકરા, તું કેમ કંઈ બોલતી નથી? જા, તારા દાણા લઈ આવ. કેમ, લાવી શકીશ ને?''

એણે કહ્યું, ''સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારે પિયર ગાડાં મોકલવાં પડશે. આજે હવે એ દાણા પાંચ નથી રહ્યા. એ વધી-વધીને ગાડાં ભરાય તેટલા થયા છે.''

પછી નાની વહુએ એ દાણાની વાત માંડીને કહી સંભળાવી. એ પરથી ધનપાલે ત્રણે મોટી વહુઓને કહ્યું, ''તમારા સૌમાં આ નાની વહુ ઠરેલ અને ચતુર છે. આજથી આપણા આખા ઘરનો કારભાર એ ચલાવશે. તમે સૌ એના શાણપણનો લાભ લેજો.''

અને પછી શેઠ નાની વહુ તરફ જોઈને બોલ્યા, ''દીકરી, આજથી ઘરમાં કોઠારનો કારભાર તને સોંપું છું. મને ખાતરી થઈ છે કે તું આ ઘરની લક્ષ્મી છે. તારા હાથમાં આવેલી સંપત્તિ વધતી જ જશે. તું જ મારા ઘરને સારી રીતે સાચવી શકશે.''

પછી એમણે ત્રીજી વહુને કહ્યું, ''બેટા, આજથી રસોડાનો કારભાર તારે સાચવવાનો. બીજી વહુને કહ્યું, નોકરચાકર ઉપર દેખરેખ તારે રાખવાની. અને મોટી વહુને કહ્યું, વહુજી, ઘરની સાફસૂફીની જવાબદારી તમારે સંભાળી લેવાની.''

પછી શેઠે બધી વહુઓને કહ્યું, ''સૌ પોતપોતાની સૂઝ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે વહેંચીને ઘરનું કામ કરશો, તો ઘરની શોભા રહેશે અને બધાં સુખી થશો.''

## સ્વાધ્યાય

### સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) રહસ્ય................................ (૨) સમજ ................................

(૩) નકામી .............................. (૪) પુષ્કળ ................................

(૫) પરીક્ષા................................ (૬) દિવસ ................................

(૭) સાચવવું .............................. (૮) લાયકાત ................................

### સ.૨ નમૂના પ્રમાણે શબ્દ લખો : દા.ત. નોકર X શેઠ

(૧) કાચું (૨) વધવું

(૩) સંતોષ (૪) જવાબદારી

(૫) ઇચ્છા (૬) પહેલું

### સ.૩ ઉદાહરણ મુજબ પાઠમાંથી બેવડાતા શબ્દ શોધીને લખો.

ઉદા. હસતી હસતી

(૧) ................................(૨) ................................

(૩) ................................(૪) ................................

## સ.૪ શબ્દસમૂહ અને અર્થની યોગ્ય જોડી બનાવો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) જીવ પરોવવો | (અ) થોડામાંથી વધારે થવું. |
| (૨) ઝીણા જીવના હોવું | (બ) ખલાસ થઈ જવું |
| (૩) કણમાંથી મણ થવું | (ક) વાત વિગતવાર કહેવી |
| (૪) પૂરું થઈ જવું | (ડ) ટૂંકા સ્વભાવના હોવું |
| (૫) વાત માંડીને કહેવી | (ઇ) પુષ્કળ પ્રમાણમાં ધન હોવું. |
| (૬) લક્ષ્મીની છોળો ઊડવી | (ઈ) ધ્યાન રાખવું. |

## સ.૫ (અ) જાતિ બદલી શબ્દ લખો.

દા.ત. વહુ - વર

(૧) સસરો -　　(૨) શેઠ -　　(૩) બહેન -

(૪) દીકરી -　　(૫) મોર -　　(૬) સાંઢ -

**(બ) માન્ય ઉચ્ચારણ માટે ઉદાહરણ મુજબ 'ર' ની જગ્યાએ 'ડ' મૂકી શબ્દ ફરીથી લખો.**

દા.ત. વવરાવવું - વવડાવવું

ખવરાવવું, નવરાવવું, પીવરાવવું, લેવરાવવું

## સ.૬ નામને આધારે ક્રિયાપદમાં ફેરફાર કરી વાક્ય ફરીથી લખો.

દા.ત. તેણે દાબડીમાંથી દાણા કાઢીને આપ્યા.

(હાર)

તેણે દાબડીમાંથી હાર કાઢીને આપ્યો.

(માળા)

(મોતીઓ)

(બંગડીઓ)

(હીરો)

(ઘરેણું)

## સ.૭ નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો :

(૧) ''એ દાણા જતન કરીને સાચવી રાખજો.''

(૨) ''એ દાણા તો તે જ દહાડે પૂરા થઈ ગયા.''

(૩) ''સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું.''

(૪) ''સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારે પિયર ગાડાં મોકલવાં પડશે.''

(૫) ''બેટા, આજથી રસોડાનો કારભાર તારે સાચવવાનો છે.''

સ.૮ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :

(૧) ધનપાલ શેઠની પરિસ્થિતિ...........

(અ) સાધારણ હતી.

(બ) પૈસે ટકે સારી હતી.

(ક) સારી નહોતી

(૨) ધનપાલ શેઠની પુત્રવધૂઓ ...........

(અ) ચાલાક હતી.

(બ) ઝઘડાળુ હતી.

(ક) ડફોળ હતી

(૩) મોટી વહુએ સસરાએ આપેલા દાણા ફેંકી દીધા કારણ કે ...........

(અ) દાણા સાચવી રાખવામાં શાણપણ નહોતું.

(બ) નકામા સમજી ફેંકી દીધા.

(ક) સસરાએ આપેલા દાણાનો મર્મ સમજાય તેટલી સમજ તેનામાં નહોતી.

સ.૯ શેઠે નાની વહુને આખા ઘરનો કારભાર સોંપ્યો કારણ કે ......

(૧) નાની વહુ ઠરેલ અને ચતુર છે.

(૨) નાની વહુ કોઠાર ભરી બધાની ભૂખ સંતોષે છે.

(૩) નાની વહુ ઘરનું બધું જ સંભાળી શકે એમ છે.

સ.૧૦ આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.

(૧) હતી સ્વભાવની ત્રીજા ઝીણા જરાક છોકરાની વહુ.

(૨) ચાલતો દૂર વેપાર હતો એમનો સાથે દેશાવર

(૩) નથી પાંચ રહ્યા આજે દાણા એ હવે.

(૪) સમજુ નાના વહુ દીકરાની સૌથી હતી ચતુર અને.

સ.૧૧ તમારા વિચાર અનુસાર જે શ્રેષ્ઠ વહુ છે તે વિશે લખો.

**સંભાષણ**

★ તમારા વડીલો પાસેથી કોઈ પારંપારિક વાર્તા જાણી લાવી વર્ગમાં કહો.

★ ઇન્ટરનેટ પર લોકકથા (Folkstory) સર્ચ કરો. અન્ય દેશની એકાદ લોકકથા વાંચી ઘરના વડીલને કહો.

## પ્રકલ્પ

ઘરનાં બધાં કામ પોતાની સૂઝ-બૂઝ, આવડત મુજબ વહેંચીને કરવાથી ફાયદો થાય છે. તમારા વર્ગમાં પણ આવું થઈ શકે? કાર્ય વહેંચણીનો અથવા વર્ગસમિતિનો તક્તો બનાવીને વર્ગમાં લગાડો.

### હું વાંચું ...... તમે પણ વાંચો

પ્રખ્યાત સમાજ સુધારક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર સંસ્કૃત ભાષાના પણ મહાન પંડિત હતા. તેમની વિધવા માતાએ તેમને અનેક તકલીફો વેઠીને ભણાવેલા. દીકરાને ભણાવવા તેમણે પોતાનાં સોનાનાં ઘરેણાં પણ વેચી દીધેલાં. તેમણે ઘણી બધી મુશ્કેલીઓ સહન કરી હતી.

સમય પસાર થતાં ઇશ્વરચંદ્ર ભણીગણીને મોટા પ્રોફેસર બન્યા. એક દિવસ તેમણે માતાને કહ્યું, ''મા, આજે હું જે પણ કંઈ છું તે તારા ત્યાગ અને મમતાને પ્રતાપે છું. તારું ઋણ હું કદી ચૂકવી શકું તેમ નથી. મારા અભ્યાસ પાછળ તારાં કિંમતી ઘરેણાં વેચાઈ ગયાં. મારી ઇચ્છા છે કે હું તને નવાં ઘરેણાં લાવી આપું.''

માએ હળવેથી અને સુંદર જવાબ આપ્યો. ''બેટા ! મારે હવે એવાં ઘરેણાં શું કામનાં? અને હા, છતાં પણ તારી ઇચ્છા હોય તો હું કહું એવાં ઘરેણાં તૈયાર કરી આપ !'' ઇશ્વરચંદ્રે ઉત્સાહમાં આવી કહ્યું, ''મા! બોલ તારે કેવાં ઘરેણાં જોઈએ છે?'' માતાએ કહ્યું, ''તું ફી વિનાની શાળાઓ શરૂ કર. જ્યાં બાળકો મફત અને સારું શિક્ષણ મેળવે. લોકોનાં દર્દ અને પીડા દૂર થાય તેવાં ફી વિનાનાં દવાખાનાં શરૂ કર. ગરીબ અને અશક્ત, લાચાર લોકોને પેટ ભરીને જમવાનું મળે એવાં સદાવ્રત શરૂ કર. આવાં ઘરેણાં જ આપણી અને સમાજની શોભા બની રહેશે.''

ઇશ્વરચંદ્રે માતાની મનોકામના પૂરી કરવા માટે તે જ દિવસથી શુભ કાર્યનો આરંભ કરી દીધો.

### અધ્યાપન સંકેત

આ વાર્તા શીખવતાં પહેલાં 'ચાલો વાર્તા સાંભળીએ માં' આપેલા મુદ્દાઓ પરથી વાર્તા બનાવી વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા.

આ બોધકથા પણ એના જેવી જ એક વાર્તા છે જે જીવનમાં ઉતારવી જરૂરી છે. લઘુપ્રશ્નો પૂછી પાઠનો ક્રમિક વિકાસ સાધવો. દરેક વહુના સ્વભાવમાં વિદ્યાર્થીઓને શું વિશેષ લાગ્યું તે તેમની પાસેથી અવશ્ય જાણવું. સસરાએ લીધેલી વહુઓની કસોટીની યોગ્યતા - અયોગ્યતા વિશે પણ ચર્ચા કરવી.

**દીર્ઘદૃષ્ટિથી કરેલાં કાર્યો સફળતાને વરે છે.**

# ૩. ત્રિરંગો લહેરાતો


કૃતિ કરો : ★ યોગ્ય રીતે જોડો

| (અ) | (બ) |
|---|---|
| (૧) શાંતિનો સંદેશ | (અ) કેસરિયો રંગ |
| (૨) હરિયાળી ક્રાંતિ | (બ) સફેદ રંગ |
| (૩) બલિદાનનો રંગ | (ક) અશોકચક્ર |
| (૪) સતત કાર્યરત | (ડ) લીલો રંગ |

★ કહો જોઈએ......

(૧) ત્રિરંગો (૨) પંચરંગી

(૩) સપ્તરંગી (૪) નવરંગી



લહર લહર લહરાતો
મારો ત્રિરંગો છે ઝંડો
મારો ત્રિરંગો છે ઝંડો
કેસરિયો રંગ છે પહેલો
દેશ કાજ ઊઠે છે વહેલો;
કેસરિયાં કરી બતલાવો....... મારો
સફેદ પટ્ટો સુંદર દીસે
વિશ્વશાંતિના પાઠ જ વિશે
સત્ય, અહિંસા અપનાવો...... મારો
લીલા રંગની લીલા ન્યારી
નયન રમ્ય ને ક્રાંતિ હરિયાળી
મા ભારતનો જય ગવડાવો ......... મારો
અશોકચક્રની આણ ઘણેરી
ત્રિરંગામાં શોભે અનેરી
રાષ્ટ્રગાન ગવડાવો........ મારો
પ્રજાસત્તાક દિન નિમિત્તે
પ્રભાતે ગુણ ગાઓ હેતે.
વીર બલિદાન બિરદાવો,
મારો ત્રિરંગો છે ઝંડો

– મણિલાલ એમ. શ્રીમાળી (મિલન)

**સ.૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ધ્વજ................................ (૨) આંખ ................................

(૩) ટેક ................................ (૪) કુરબાની ............................

(૫) દિવસ................................ (૬) પ્રેમ ..................................

(૭) સમૃધ્ધિ ............................ (૮) સવાર ................................

**સ.૨ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધો :ઉદા. પહેલો -વહેલો**

(૧) દીસે (૨) ઘણેરી (૩) ન્યારી (૪) બતલાવો

**સ.૩ કૌંસમાંથી દર્શાવતો શબ્દ લખો.** (કાયર, રાત, હિંસા, અસત્ય, અવગુણ, સંધ્યા, મોડો, પરાજય)

૧) પ્રભાત ૨) વીર

૩) અહિંસા ૪) ગુણ

૫) સત્ય ૬) વહેલો

૭) દિન ૮) જય

**સ.૪ નીચેના શબ્દોનો ઉપયોગ કરી મનગમતાં વાક્ય બનાવો.**

૧) ઝંડો ૨) વિશ્વશાંતિ ૩) સત્ય ૪) ક્રાંતિ ૫) બલિદાન

**સ.૫ અ) ત્રણ રંગવાળું હોય તો ત્રિરંગી તો -**

(૧) ચાર રંગવાળું ............... (૨) પાંચ રંગવાળુ ..............

(૩) સાત રંગવાળુ .............. (૪) નવ રંગવાળુ.................

**બ. 'ત્રિરંગી'ની જેમ 'ત્રિ' લાગીને બનતા બીજા ૭ (સાત) શબ્દો બનાવો.**

**સ.૬. ઉદાહરણ મુજબ વાક્યનું બહુવચન કરો.** દા.ત. ઝંડો શાનથી લહેરાય છે.
જવાબ - ઝંડા શાનથી લહેરાય છે.

૧. સૈનિક સરહદની રક્ષા કરે છે.

૨. વચ્ચે વચ્ચે લીલું પાંદડું મૂકો.

૩. બહેને તોરણ બનાવ્યું.

૪. આંગણામાં સાથિયો પૂર્યો.

**સ.૭ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ લખો.**

(૧) ............. કાજ ઊઠે છે વહેલો. (૨) સત્ય ............... અપનાવો.

(૩) મા............. નો જય ગવડાવો. (૪) અશોકચક્રની........... ઘણેરી

**સ.૮ યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.**

(૧) આપણો ઝંડો ............ છે. (ક) પચરંગો (ખ) નવરંગો (ગ) ત્રિરંગો

(૨) ત્રિરંગામાં પહેલો રંગ .................. છે.

(ક) લીલો (ખ) કેસરિયો (ગ) સફેદ

(૩) સફેદ રંગ .................. નો સૂચક છે.

(ક) હરિયાળી (ખ) શાંતિ (ગ) સમૃદ્ધિ

(૪) આપણે .................. ના બલિદાનને બિરદાવીએ છીએ.

(ક) વીર (ખ) કાયર (ગ) ડરપોક

**સ.૯ ત્રિરંગા ઝંડાને તમે જે રીતે માન આપો છો તે તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ**

**'આપણો રાષ્ટ્રધ્વજ' આ વિષય પર ચાર-પાંચ વાક્યો કહો.**

**પ્રકલ્પ**

આપણા દેશના રાષ્ટ્રધ્વજ પ્રમાણે અન્ય દેશોના પણ રાષ્ટ્રધ્વજ છે. તેનાં ચિત્રો ભેગાં કરી તે વિશે બે-બે વાક્યોમાં માહિતી ઇન્ટરનેટ પરથી શોધીને લખો અને તેનું કોલાજ બનાવો.

**હું વાંચું ........... તમે પણ વાંચો**

આ અમારો, આ અમારો, આ અમારો દેશ છે.મહાન ભારત, મહાન ભારત, મહાન ભારત દેશ છે.
અમારા દેશમાં ગાંધીબાપુ રાષ્ટ્રપિતા કહેવાયા. સત્ય-અહિંસાનો પાઠ શીખવી સાદાઈને અપનાવ્યા.
ગંગા-જમના મોટી નદીઓ, પવિત્રતા રેલાવતી.ઋષિ-મુનિઓની અમર ગાથા, ભારત જ્યોત જલાવતી.
વિનોબા જેવા મહાન સંતે, ભૂદાન યજ્ઞ કરાવ્યાં. નૂતન ભારતના ઘડવૈયા, જવાહર કહેવાયા.
લાલ-બાલ ને પાલ જેવા શહીદ વીરો હોમાયા,નીડર પુરુષ, સરદાર પટેલ, લોખંડી પુરુષ કહેવાયા.
હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ, એકતા જ્યોત જલાવતા,મહાન ભારતના સંતો, સાચા પાઠ ભણાવતા,
વિશ્વશાંતિના મંત્રે અમે શાંતિદૂત સાચા, પ્રત્યેક પરિસ્થિતિનો સામનો કરતા, ન ગણજો કાચા.

**અધ્યાપન સંકેત**

શરૂઆતમાં આપેલી કૃતિ કરાવી વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા આવશ્યક માહિતી આપવી. આપણા તિરંગા ઝંડાના ચિત્રને નજર સમક્ષ રાખી તેનું વર્ણન કરાવવું. રાષ્ટ્રધ્વજના યોગ્ય પ્રમાણમાપની માહિતી આપવી. રાષ્ટ્રગીતના ગાન સમયે, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી સમયે તેમજ અન્ય ક્યા પ્રસંગોએ તિરંગાનો ઉપયોગ કઈ રીતે થાય છે તે સમજાવવું. આપણો ઝંડો આપણી આન, બાન અને શાન છે તે વિશે વિશેષ માહિતી આપવી. તેને કેવી રીતે માન આપવું, તેનું ગૌરવ કેવી રીતે જાળવવું, તેની વિસ્તૃત માહિતી આપવી. રાષ્ટ્રપ્રેમની જાગૃતિ માટેના અન્ય પ્રસંગો કહેવા. ગીતો ગવડાવવાં, કાવ્યમાં આવતા જોડાક્ષરયુક્ત શબ્દોનું અનુલેખન કરાવ્યા બાદ શ્રુતલેખન કરાવવું.

**દેશરક્ષા આપણો પરમ ધર્મ છે.**

# ૪. મૂર્તિ

ચાલો નિરીક્ષણ કરીએ.



એક માણસ એક વખત પોતાના ગામમાં બની રહેલા નવા મંદિરનું નિર્માણકાર્ય જોવા ગયો હતો. એ કોઈ જાણકાર નહોતો. બસ, એમ જ જોવા માટે ગયો હતો. ત્યાં જઈને એણે જોયું તો એક શિલ્પી ખૂબ જ એકાગ્રતાથી આરસપહાણના પથ્થરમાંથી ભગવાનની મૂર્તિ ઘડી રહ્યો હતો. પેલા માણસને એના કામમાં રસ પડી ગયો. એ શિલ્પીની બાજુમાં બેસી ગયો. અચાનક એનું ધ્યાન બાજુમાં પડેલી એવી જ અન્ય એક મૂર્તિ પર પડ્યું. એને નવાઈ લાગી એણે શિલ્પીને પૂછ્યું, મંદિરમાં એકસરખી આ બે મૂર્તિઓની જરૂર છે?

'ના' શિલ્પીએ જવાબ આપ્યો. 'આવી એક જ મૂર્તિની જરૂર છે, પરંતુ આ બીજી મૂર્તિમાં થોડું નુકસાન થવાથી છેલ્લી ઘડીએ પડતી મૂકવી પડી છે.'

પેલા માણસે ઊભા થઈને પડતી મૂકાયેલી મૂર્તિને ચારે તરફથી તપાસી જોઈ. એને કોઈ જગ્યાએ કાંઈ પણ નુકસાન ન દેખાયું. એણે આશ્ચર્ય સાથે શિલ્પીને ફરીથી પૂછ્યું,' આ મૂર્તિમાં મને તો કોઈ જ નુકસાન દેખાતું નથી. તમને આમાં કઈ જગ્યાએ નુકસાન દેખાય છે?'

'એના નાક પાસે એક નાનો ઘસરકો થઈ ગયો છે.' શિલ્પીએ કહ્યું. પેલા માણસે ફરીવાર ધ્યાનથી જોયું ત્યારે એને એ નાનો ઘસરકો દેખાયો. એણે શિલ્પીને પૂછ્યું, 'તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો?'

'પેલા વીસ ફૂટ ઊંચા સ્તંભ ઉપર' શિલ્પીએ જવાબ આપ્યો.

પેલા માણસના આશ્ચર્યનો પાર ન રહ્યો. એનાથી કહેવાઈ ગયું, 'ભલા આદમી ! જો આ નાનકડી મૂર્તિની સ્થાપના એટલે બધે ઊંચે જ કરવાની હોય તો આવી ખોટી મહેનત શું કામ? ત્યાં વળી કોણ જોવાનું છે કે એના નાક પર નાનો ઘસરકો છે.'

શિલ્પીએ પોતાનું કામ અટકાવીને એ માણસ સામે જોયું. પછી હસીને બોલ્યો, 'ભાઈ, બીજું કોઈ આ વાત જાણે છે કે નહીં એની મને ખબર નથી, પરંતુ હું અને મારો ભગવાન તો આ જાણીએ છીએ ને?'

એટલું કહી એટલી જ એકાગ્રતાથી એણે પોતાનું કામ ફરીથી શરૂ કરી દીધું.

નિ:શબ્દ બની પેલો માણસ એ શિલ્પીને જોઈ રહ્યો.

– આઇ કે. વીજળીવાળા

## સ્વાધ્યાય

**સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) પરિશ્રમ................................ (૨) ઉત્તર ................................

(૩) નવાઈ ................................ (૪) થાંભલો ................................

(૫) પ્રતિમા ................................ (૬) લિસોટો ................................

**સ.૨ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧. સ્તંભ ૨. મંદિર ૩. માણસ ૪. આશ્ચર્ય

**સ.૩ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી લખો.**

(બેધ્યાન, પહેલી, બીજાનું, નફો, બિનજરૂરી, ખરી)


(૧) ધ્યાન (૨) ખોટી

(૩) નુકસાન (૪) જરૂરી

(૫) છેલ્લી (૬) પોતાનું

**સ.૪ 'આરસપહાણ' શબ્દમાંથી જેટલા નવા શબ્દો બની શકે તેટલા બનાવો. ગમે તેટલા અક્ષરના બનાવી શકાય**

**સ.૫ 'તા' પ્રત્યય લગાડી શબ્દો બનાવો.**



## સ.૬ ઉદાહરણ મુજબ ફેરફાર કરી વાક્યમાં ઉપયોગ કરો.

દા.ત. પોતાનું ઘર+માં = પોતાના ઘરમાં

વાક્ય : પોતાના ઘરમાં જોઈએ તેવો ફેરફાર કરી શકાય.

૧) મોટું મંદિર + માં = (૨) કેરીનું ઝાડ + માં =

૩) પેલો માણસ + ને = (૪) ઊંચો સ્તંભ + ઉપર =

## સ.૭ શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

૧. પાર પેલા આશ્ચર્યનો ન રહ્યો માણસના

૨. ગયો બેસી એ બાજુમાં શિલ્પીની

૩. ઘસરકો નાક એક નાનો ગયો એના પાસે થઈ

## સ.૮ કહો જોઈએ

૧. એકાગ્રતાથી મૂર્તિ ઘડનાર ......

૨. જે પથ્થરમાંથી મૂર્તિ ઘડવામાં આવી છે તે પત્થર .......

૩. વીસ ફૂટ ઊંચો ......

૪. આશ્ચર્ય પામનાર ......

## સ.૯ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો.

(૧) એક શિલ્પી ખૂબ એકાગ્રતાથી..............

(ક) ગ્રેનાઇટના પથ્થરમાંથી મૂર્તિ ઘડી રહ્યો હતો.

(ખ) કડપ્પાના પથ્થરમાંથી મૂર્તિ ઘડી રહ્યો હતો.

(ડ) આરસપહાણના પથ્થરમાંથી મૂર્તિ ઘડી રહ્યો હતો.

(૨) મૂર્તિના નાક પાસે.....

અ) એક તિરાડ પડી ગઈ

બ) એક નાનો ઘસરકો થઈ ગયો

ક) એક નાનું કાણું પડી ગયું

(૩) નિઃશબ્દ બની પેલો માણસ....

અ) એ શિલ્પીને જોઈ રહ્યો.

બ) એ મૂર્તિને જોઈ રહ્યો.

ક) એ કલાકૃતિને જોઈ રહ્યો.

## સ.૧૦ નીચેની પ્રક્રિયાને પાઠના આધારે યોગ્ય ક્રમમાં ગોઠવો.

૧) પેલા માણસના આશ્ચર્યનો પાર ન રહ્યો.

૨) એકાગ્રતાથી એણે પોતાનું કામ ફરીથી શરૂ કરી દીધું.

૩) પડતી મૂકાયેલી મૂર્તિને ચારે તરફથી તપાસી જોઈ.

૪) શિલ્પી આરસપહાણમાંથી મૂર્તિ ઘડી રહ્યો હતો.

**સ.૧૧ મૂર્તિઓ શેમાંથી બને છે તે વિશે તમારા શબ્દોમાં લખો.**

### સંભાષણ

ગણપતિ ઉત્સવ દરમ્યાન કોઈપણ શિલ્પકાર જે મૂર્તિ બનાવતો હોય ત્યાંની મુલાકાત લઈ તે અંગે તમારું નિરીક્ષણ ચારથી પાંચ વાક્યોમાં રજૂ કરો.

### પ્રકલ્પ

ચોકસાઈથી કાર્ય કરવાના ફાયદા અંગે એક પત્ર તમારા નાનાભાઈને લખો.

### હું વાંચું ........... તમે પણ વાંચો

ખામી

શિલ્પી કોઈ મૂર્તિ ઘડી રહ્યો હતો. શિલ્પકામ પૂરું થયા પછી તેણે મૂર્તિને ધારી ધારીને નિહાળી, માથું ધુણાવ્યું અને પછી ત્યાં બેસી રડવા લાગ્યો.

‘‘કેમ શું થયું?’’ એક મિત્રે પૂછ્યું. ‘‘મૂર્તિ તમને સંતોષ થાય તેવી નથી બની?’’

આંસુભરી આંખે શિલ્પી બોલ્યો, ‘‘આ મૂર્તિમાં હું કશી ખામી જોઈ શકતો નથી.’’

‘‘તો પછી દુ:ખી શા માટે થાવ છો?’’

એટલા માટે જ. કેમ કે મારા કામમાં મને જો કશી ખામી દેખાતી બંધ થાય, તો એનો અર્થ એ કે મારી શક્તિની હવે ઊતરતી કળા છે.’’

### અધ્યાપન સંકેત

શરૂઆતમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરાવી તેના વિશે પ્રશ્નો પૂછી બાળકોનું પૂર્વજ્ઞાન તપાસી લેવું. દરેકના કાર્યની માહિતી આપી ચિત્રકાર / મૂર્તિકાર / કુંભાર વગેરે કારીગરોનો તફાવત સમજાવી હેતુકથન સ્પષ્ટ કરવું.

વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનને આધારે પ્રશ્નો પૂછીને પાઠનો ક્રમિક વિકાસ સાધવો. દિવાળી, ગણપતિ, નવરાત્રિ, દશામાના તહેવારોમાં તેમના વિસ્તારમાં જ્યાં મૂર્તિઓ બનતી હોય તેની મુલાકાત લેવા પ્રેરણા આપવી. મૂર્તિકાર, શિલ્પી જેવી એકાગ્રતા કેળવવા પ્રોત્સાહિત કરવા. તે માટે અર્જુનનું ઉદાહરણ પણ આપવું. એકાગ્રતા સાથે ચોકસાઈનો ગુણ કેળવવાથી મળતી સફળતા માટે વર્ગમાં જ બની ગયેલી ઘટનાનો સંદર્ભ આપવો.

**ધૈર્ય અને ખંતીલાપણું મુસીબતોનાં વાદળોને વિખેરી નાંખે છે.**

## ભાષિક સમજ

### સર્વનામના પ્રકાર

નીચેનાં વાક્યો વાંચો. તેમાં નીચે લીટી કરેલા શબ્દોને ધ્યાનમાં રાખો. તે કોના માટે વપરાયા છે? તેનો અભ્યાસ કરો.

૧. મૈથિલીએ કહ્યું, હું જાઉં છું. ૨. મિહિર, તું મયંકને ક્યારે મળવાનો છે?
૩. સુરેશભાઈ, તમે તો આજે અમદાવાદ જવાના હતા ને?
૪. આજે ઘરે મહેમાન આવ્યા, તેઓએ અમને ભેટ આપી.

**હવે આ પ્રશ્નોના જવાબ આપો.**

૧. પહેલા વાક્યમાં 'હું' કોના માટે વપરાયું છે?
૨. બીજા વાક્યમાં 'તું' કોના માટે વપરાયું છે?
૩. અમદાવાદ કોણ જવાનું હતું?
૪. ચોથા વાક્યમાં મહેમાન માટે ક્યું સર્વનામ વપરાયું છે.

**યાદ રાખો : પુરુષવાચક સર્વનામ :**

| પ્રથમ પુરુષ સર્વનામ | | બીજો પુરુષ સર્વનામ | | ત્રીજો પુરુષ સર્વનામ | |
|---|---|---|---|---|---|
| એકવચન | બહુવચન | એકવચન | બહુવચન | એકવચન | બહુવચન |
| હું | અમે | તું | તમે | તે | તેઓ |
| મને, મારે | અમને, અમારે | તને, તારે | તમને, તમારે | તેને | તેઓને |
| મેં,મારું | અમે, અમારું | તેં, તારું | તમે, તમારું | તેણે/ તેનું | તેઓએ/તેઓનું |
| મારાથી | અમારાથી | તારાથી, | તમારાથી | તેનાથી | તેઓથી |
| મારામાં | અમારામાં | તારામાં | તમારામાં | તેનામાં | તેઓમાં |

### સ્વાધ્યાય

**સ.૧ નીચેના વાક્યોમાંથી પુરુષવાચક સર્વનામ ઓળખી જણાવો.**

**દા.ત. અમે ક્રિકેટ રમીએ છીએ.-'અમે' પ્રથમ પુરુષ બહુવચન**

૧) તેણે સુંદર મૂર્તિ ઘડી. ૨) મને કંઈ જ જોઈતું નથી.
૩) તારી કદર જરૂર થશે. ૪) તેઓનું ઘર ઘણું મોટું છે.
૫) તમે આ દાણા ખેતરમાં વાવો. ૬) તેં દાબડી ક્યાં મૂકી?

**સ.૨ કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં ભરો.**

૧) (તે) .............. ઘણો સરસ નિબંધ લખ્યો છે.
૨) (હું) ..............(હું) .................... ઘરે સમયસર પહોંચવું છે.
૩) (તે) ............. પેપર્સ ઘણા સારાં ગયાં છે.
૪) (અમે) ............. પ્રકલ્પને પહેલું ઇનામ મળ્યું છે.
૫) (તેઓ) ................ (તમે) ................. બાપુજી સાથે વાત કરી છે.

# ૫. ખમ્મા વીરાને !

**કહો ક્યારે આવે?**

૧) બળેવ
૨) વીરપસલી
૩) જન્માષ્ટમી
૪) ભાઈબીજ

**કહો જોઈએ....**

૧) ફોઈના પતિ ......... ૨) માતાની બહેન.........
૩) માસીના પતિ ......... ૪) મામાની પત્ની.........
૫) પિતાની માતા ......... ૬) પત્નીના ભાઈ.........
૭) બહેનના પતિ ......... ૮) સાળાની પત્ની.........



ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
મોંઘામૂલો છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
એક તો સુહાગી ગગનચાંદલો રે લોલ
બીજો સોહાગી મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
રાજ તો વિરાજે રાજમંદિરે રે લોલ;
પારણે વિરાજે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ;
કુળમાં ખીલે છે મારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ;
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
એક તો આનંદ મ્હારા ઉરનો રે લોલ
બીજો આનંદ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ
દેવે દીધી છે મ્હને માવડી રે લોલ;
માવડીએ દીધો મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ



– ન્હાનાલાલ





**સ.૧ નીચેના શબ્દો માટે કવિતામાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ભાઈ.................................. (૨) અજવાળું ................................

(૩) ઘોડિયું ................................ (૪) ફળિયું ................................

(૫) દિલ ............................ (૬) કિંમતી ................................

**સ.૨ જાતિ બદલો.**

(૧) સાસુ................................. (૨) ફૂઆ ................................

(૩) વેવાઈ................................. (૪) બનેવી ................................

(૫) નણંદ................................. (૬) ભત્રીજો ................................

**સ.૩ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) ફૂલવાડી  ૨) આનંદ  ૩) ગગન  ૪) મોંઘામૂલો

**સ.૪ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (૧) ચંપો | (૧) સૂર્યનો ઉજાસ છે |
| (૨) રાજ | (૨) ફૂલવાડીમાં ખીલે |
| (૩) આંગણે | (૩) માવડી દીધી |
| (૪) દેવે | (૪) રાજમંદિરે બિરાજે |

**સ.૫ કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્ય રૂપ ઉદાહરણ પ્રમાણે લખો.**

દા.ત. (હું) મારો વીરો પારણામાં પોઢેલ છે.

(૧) (હું) .................. બહેન અને (હું) ........... ભાઈ બન્ને વિશાળે ગયાં છે.

(૨) (તું) .................. ચોપડીઓ દફ્તરમાં રાખ.

(૩) (તમે) .................. મિત્રો સાથે રમો.

(૪) બહેન (અમે) .................. કામ થઈ ગયું.

(૫) (તે) .................. પેન ઘણી સરસ છે.

**સ.૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) દેવે મને .................. દીધી છે. (અ) માતા (બ) ભાઈ (ક) બહેન

(૨) મારા આંગણે ............. નો ઉજાસ છે. (અ) તારા (બ) સૂર્ય (ક) ચંદ્ર

(૩) એક આનંદ મારા .................. નો છે. (અ) મન (બ) ઉર (ક) તન

(૪) ચંપો .................. માં ખીલે છે. (અ) ફૂલવાડી (બ) કૂંડા (ક) ક્યારા

**સ.૭ નીચેનાં વાક્યો વાંચો. તે અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો.**

(૧) મારો ભાઈ પારણામાં પોઢેલો છે.

(૨) બગીચામાં જેમ ચંપાનાં ફૂલો ખીલે છે તેમ મારો ભાઈ ફૂલની જેમ હસે છે.

(૩) આંગણામાં સૂર્યનો પ્રકાશ તેમ ઘરમાં ભાઈની હાજરીથી જ અજવાળાનો અનુભવ થાય છે.

**સ.૮ કહો કોણ?**

(૧) મોંઘામૂલો (૨) ફૂલવાડીમાં ખીલનાર (૩) માવડી દેનાર (૪) વીર દેનાર

**સ.૯ યોગ્ય શબ્દો ફરતે ગોળ કરો.**

૧) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલ ફૂલ : ચંપા, ચમેલી, જાસૂદ

૨) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલ કુદરતી તત્વ : ચંદ્ર, તારા, સૂર્ય

૩) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલ ઘરનો ભાગ : રસોડું, આંગણું, શયનખંડ

**સ.૧૦ તમને સૌથી પ્રિય હોય તે વ્યક્તિ વિશે સાતેક વાક્યોનો પરિચ્છેદ તૈયાર કરો અને લખો.**

**સંભાષણ**

'ભાઈબેનના તહેવાર વિશે તમે જે જાણતા હો તે કહો.

**પ્રકલ્પ**

ઇન્ટરનેટ પરથી ચં.ચી. મહેતાનાં કાવ્યો શોધી કાઢો.
તેમાંથી તમને ગમે તે કોઈ પણ એક ભાઈબહેનનું કાવ્ય શોધી કાર્ડપેપર ઉપર લખો.

**હું વાંચું ............ તમે પણ વાંચો**

ભાઈ-બહેનની જોડી; કરતી દોડાદોડી.
અહીં જાય, તહીં જાય; દૂધ પીએ; દહીં ખાય.
દહીંની છાશ થઈ, ભાઈ-બહેનને હાશ થઈ.
છાશમાં માખણ, ભાઈ દોઢ-ડહાપણ
એકમેકને ચીઢવવાનો બંનેને ચસકો;
બહેન પીએ લસ્સી ને ભાઈ માંગે મસકો

– સુરેશ દલાલ


**અધ્યાપન સંકેત**

કાવ્યની શરૂઆતમાં કુટુંબનાં સંબંધોની યાદી તૈયાર કરાવવી. લઘુ પ્રશ્નોની મદદથી સંવાદ સાધવો અને કાવ્યના વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરવું. આ ઉપરાંત ભાઈ-બહેનનાં પ્રેમનાં ગીતોનું ગાન, જોડકણાં દ્વારા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા. પ્રસ્તુત કાવ્યનું સમૂહગાન કરાવવું. રક્ષાબંધન, ભાઈબીજ જેવા તહેવારોની સમજ આપી આપણા ચં.ચી. મહેતાનાં કાવ્યો શોધવાની પ્રેરણા આપવી.

**ભાઈ-બહેનનો પ્રેમ બધા સંબંધોમાં અનેરો છે.**

# ૬. સુગંધ કચ્છની

ચાલો નિરીક્ષણ કરીએ.



પ્રિય સુયશ

મોટી બહેનનું ખૂબ વહાલ.

થોડા સમય પહેલાં જ પૂરા થયેલા લાં.. બા વેકેશનની યાદ હજુ પણ તને સતાવતી હશે, ખરું ને? વળી આવનારા દિવાળી વેકેશનમાં થનારા કાલ્પનિક પ્રવાસનાં સ્વપ્નાં તારી રાત્રિને મીઠી બનાવતાં હશે.

હાં, જો એ સંદર્ભમાં જ મને સૂઝ્યું કે આવનારા દિવાળી વેકેશનમાં તું આપણા મોસાળની ભૂમિ કચ્છના પ્રવાસે આવીને આપણા કચ્છની ભૂમિનો, તેની સંસ્કૃતિનો પરિચય મેળવે તો કેવું? ચાલ તને એવું મન થાય એ માટે આપણે કચ્છની વાતો કરીએ.

તને થશે કે એવું તે શું છે કચ્છની ભૂમિમાં? અત્યાર સુધી તો એ રણના પ્રદેશ તરીકે ઓળખાતો પ્રદેશ હતો. હજુ હમણાં સુધી બહારથી આવતા લોકો માટે કચ્છ એક અજાણ્યો, પ્રદેશ હતો. પણ ખરેખર જે લોકો કચ્છમાં રહ્યા, કચ્છને માણ્યો એમને સત્ય સમજાયું. એ સૌ કચ્છ પ્રદેશના પ્રેમમાં પડી ગયાં ને આવા પ્રદેશની ભૂમિને તું પણ ઓળખે-જાણે એ માટે કરીને તને

આ પત્ર લખવા બેસી ગઈ.

ભાઈ સુયશ, કેવો છે આપણો આ પ્રદેશ? 'ધીંગી ધરા, ધીંગા ધોરી, ધીંગા બોલ, ધીંગી બોલી' જેવું વિધાન કચ્છ માટે વપરાયું છે. ભારતનો એક વિશિષ્ટ પ્રદેશ એટલે કચ્છ. પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કરવા માટે કચ્છ પશ્ચિમ ભારતનું પ્રવેશદ્વાર ગણાતું. સમુદ્ર, રણ અને પર્વતથી વીંટળાયેલા આ પ્રદેશની વિશેષતાઓ પણ ન્યારી જ છે.

કચ્છ પ્રદેશમાં તું બસ કે ટ્રેન બંને દ્વારા આવી શકે. માત્ર ગુજરાતના જ નહીં પણ ભારતનાયે સૌથી મોટા બીજા નંબરના જિલ્લા કચ્છમાં પૂર્વથી પશ્ચિમ જતાં કુલ નવ કલાક જેવો સમય લાગે છે.

કચ્છમાં બે રણ છે : નાનું અને મોટું. આ રણની વિશેષતા શી, ખબર છે? એમાં દેખીતી રીતે ક્યાંય રણનાં લક્ષણો નથી. અહીં ક્યાંય તને રેતી જોવા નહીં મળે. આખી દુનિયાનાં રણોથી આપણું રણ એ રીતે જુદું પડે છે. અહીં વર્ષમાં આઠ મહિના દરિયાનું પાણી હોય છે ને ચાર મહિના આ રણ સુકાયેલું હોય છે. કચ્છમાં પ્રવેશ કરવા માટે સૂરજબારીનો પુલ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ પાણીથી ઘેરાયેલો બેટ હતો. તેનો આકાર કાચબા જેવા લાગતો હોવાથી તેનું નામ કચ્છ પડ્યું એવી માન્યતા છે. ભૂસ્તરીય હલનચલનથી કચ્છની ધરતી સમુદ્ર તટ પરથી ઉપર આવતી થઈ અને ઉત્તરનો ભાગ પાણી વગરના, રેતી વગરના સપાટ રણમાં પરિવર્તિત થયો.

કચ્છની ઉતર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા તથા પાટણ, દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને દક્ષિણમાં કચ્છનો અખાત છે. દક્ષિણ-પશ્ચિમ અને પશ્ચિમે અરબી સમુદ્ર ઘૂઘવે છે.

કચ્છમાં ખડીર એક એવો ભાગ છે જે ચારે તરફ રણથી ઘેરાયલો છે. આ રણમાં પાણી ભરાયેલું રહે છે. ખડીર બેટની વચ્ચે ધોળાવીરા નામે નાનું ગામ છે. ઈ.સ. ૧૯૭૦-૭૧માં ધોળાવીરામાં કેટલાક પુરાતત્ત્વીય પુરાવા મળ્યા ને ખોદકામ કરતાં જમીનમાંથી સમગ્ર નગર રચનાની વિશાળતા જોવા મળી. જે હડપ્પીય સંસ્કૃતિની યાદ અપાવે તેવી છે.

કચ્છના છેવાડે આવેલું ભારતનું પુરાણ પ્રસિદ્ધ અડસઠ તીર્થધામમાં ગણાતું નારાયણ સરોવર આવેલું છે જેની ચારે તરફ સમુદ્ર અને વચ્ચે પાણીનું સરોવર છે ત્યાંથી બે કિ.મી.ના અંતરે કોટેશ્વરનો દરિયો ગાજે છે.

કચ્છમાં આવું જ બીજું પ્રાકૃતિક સ્થળ ધીણોધરનો ડુંગર છે જ્યાં ધોરમનાથે તપશ્ચર્યા કરેલી તો ઉત્તરે રણના કિનારે કાળો ડુંગર બિરાજમાન છે જ્યાં ગુરુ દત્તાત્રેયનાં પગલાં છે; તો કચ્છની રાજધાની ભુજ શહેર તો વસેલું જ છે ભુજિયા ડુંગર પર જ્યાં ભુજંગ નાગનું મંદિર છે.

આમ, રણ, દરિયો ને ડુંગરની વચાળે વસેલા કચ્છ પ્રદેશને ભદ્રેશ્વર, સુથરી કોટારા જેવાં સ્થાપત્યનાં ઉત્તમ નમૂના દર્શાવતાં જૈન મંદિરો, રવેચીમાતાનું રમણીય સ્થાનક, હાજીપીર જેવી રણમાં વસેલી દરગાહ જેવાં અનેક સ્થળો વીંટળાયાં છે. કંડલા કચ્છનું મુંબઈ પછીનું બંદર તો ગાંધીગામ કચ્છનું આધુનિક ગણાતું નગર.

રણમાં રહીને લોકોની આજીવન સેવા કરનાર દાદા મેકરણ જેવા સંત કવિથી કચ્છનું સાહિત્ય ઓળખાયું છે. પછીથી ઘણા સાહિત્યકારોએ તેમાં ઉમેરો કર્યો છે.

તો, વહાલા સુયશ, આ છે આપણા પ્રદેશની સુગંધ. તું એ સુગંધ લેવા જલદી જલદી આવીશ ને? રાહ જોઉં છું.

લિ. તારી મોટી બહેનના આશિષ

– ડૉ. દર્શના ધોળકિયા

**સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) પ્યારું................................ (૨) મનોહર ................................
(૩) અનોખી ............................ (૪) મરુસ્થલ ................................
(૫) અણજાણ ........................... (૬) તપસ્યા ................................
(૭) વાળુ .............................. (૮) મશહૂર

**સ.૨ ઉદા. મુજબ અર્થ બદલ્યા વિના વાક્ય નકારાત્મક બનાવો.**

દા.ત. મારા શહેરમાં પ્રાચીન વસ્તુનું સંગ્રહાલય છે.
મારા શહેરમાં અર્વાચીન વસ્તુનું સંગ્રહાલય નથી.

(૧) અજાણ્યા ગામમાં મુશ્કેલી પડે છે.
(૨) પૂનમના દિવસે સમુદ્રમાં ભરતી આવે છે.
(૩) ગાંધીધામ કચ્છનું આધુનિક ગણાતું નગર છે.
(૪) ઉકરડા પાસેથી પસાર થાવ ત્યારે દુર્ગંધ આવે છે.

**સ.૩ પાઠમાં આવતા જોડાક્ષર શોધીને લખો.**

**સ.૪ આડાઅવળા અક્ષરોને ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

રિચપચ - પરિચય

(૧) કૃતિપ્રાકૃ................................ (૨) તાષશેવિ ...................................
(૩) ધાર્થમતી ............................ (૪) જમારાબિન ............................
(૫) રિદયો ............................... (૬) નર્વાચીઅ...................................

**સ.૫ યોગ્ય જોડી બનાવો.**

| (અ) | (બ) |
|---|---|
| (૧) કચ્છની ઉત્તર પૂર્વમાં | (૧) સુરેન્દ્રનગર |
| (૨) કચ્છની પૂર્વમાં | (૨) કચ્છનો અખાત |
| (૩) કચ્છની દક્ષિણ પૂર્વમાં | (૩) અરબી સમુદ્ર |
| (૪) કચ્છની દક્ષિણમાં | (૪) રાજસ્થાન |
| (૫) કચ્છની પશ્ચિમમાં | (૫) બનાસકાંઠા તથા પાટણ |

**સ.૬ પાઠમાં આવેલા 'યેલું' ના રૂપ સાથે ખાલી જગ્યા ભરો.**

દા..ત ધીણોધરના ડુંગર પર ધોરમનાથે તપશ્ચર્યા કરેલી.

(૧) સમુદ્ર, રણ અને પર્વતથી ............ આ પ્રદેશની વિશેષતા ન્યારી છે.
(૨) ચાર મહિના આ રણ................. રહે છે.
(૩) વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ પાણીથી.............. બેટ હતો.
(૪) ખડીર રણમાં પાણી............ રહે છે.

**સ.૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) પ્રાચીન સમયમાં કચ્છ એ ભારતમાં પ્રવેશ કરવા માટે......

(અ) ઉત્તર ભારતનું પ્રવેશદ્વાર ગણાતું (બ) પરવાનો આપવાનું સ્થળ ગણાતું.

(ક) પશ્ચિમ ભારતનું પ્રવેશદ્વાર ગણાતું.

(૨) વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ...........

(અ) પાણીથી ઘેરાયેલો બેટ હતો (બ) પર્વતથી ઘેરાયેલો પ્રદેશ હતો.

(ક) વનરાજીથી ઘેરાયેલો દેશ હતો.

(૩) કચ્છનું ધમધમતું બંદર ..................

(અ) ઘોઘા (બ) કંડલા

(ક) મુંબઈ

(૪) ખડીર બેટની વચ્ચે ..........નામે નાનું ગામ છે.

(અ) ભદ્રેશ્વર (બ) ધોળાવીરા

(ક) ભુજ

**સ.૮ ચાલો લખીએ.**

(૧) કચ્છ નામ પાછળની માન્યતા..........................

(૨) ચારે તરફ રણથી ઘેરાયેલી પ્રદેશ..........................

(૩) ભારતનું પુરાણપ્રસિદ્ધ તીર્થધામ ..........................

(૪) ધીણોધર ડુંગરની વિશિષ્ટતા ..........................

(૫) કચ્છના સંત કવિનું નામ ..........................

**સ.૯ તમે હોસ્ટેલમાં રહો છો તમારી શાળામાંથી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં જવાની પરવાનગી મેળવતો પત્ર તમારા પિતાશ્રીને લખો.**

**સંભાષણ**

- તમે કરેલા પ્રવાસ વિશે વર્ગમાં કહો.

**પ્રકલ્પ**

★ કચ્છનાં જોવાલાયક સ્થાનો ઇન્ટરનેટ પરથી શોધી ‘કચ્છ-વિશેષ’ નામનું નાનકડું આલ્બમ બનાવો.

## હું વાંચું ............ તમે પણ વાંચો

કચ્છી ભરત એ ગુજરાત રાજ્યની ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રાંતની વિશિષ્ટ કલા છે. ભારત અને વિશ્વમાં તે ખૂબજ પ્રસિદ્ધ છે. ભારત સરકાર દ્વારા પણ આ કલાને ખૂબ જ પ્રોત્સાહિત કરવામાં આવી છે. આકર્ષક રંગો, વિસ્તૃત ભરતકામ અને આભલા, મણકા, કોડી વગેરેથી થતી સજાવટવાળા કચ્છી ભરતમાં મોગલ અને ઈરાની કલાનો પણ પ્રભાવ જોવા મળે છે. પહેલાંના સમયમાં કચ્છી ભરતનું અનેરું મહત્ત્વ હતું. રાજદરબારોનાં વસ્ત્રો અને સજાવટની વસ્તુઓ પર કરવામાં આવતું હતું. વિવિધ જાતિઓ દ્વારા પોતાની આગવી રીતે અને આગવા રંગોમાં આ ભરત વિકસાવવામાં આવ્યું હતું.

કચ્છી ભરતનાં ચણિયાચોળી વિશ્વમાં મશહૂર છે. ઉપરાંત સાડી, સલવાર કમીઝ, ઝભ્ભા, કેડિયાં, જેકેટ, દુપટ્ટા, કુર્તા વગેરે પર કરાય છે. કોટન અને રેશમ જેવાં કપડાં પર રેશમી અથવા ઊનના દોરાથી કરવામાં આવે છે. કપડાં પર મોર, પોપટ, હાથી, ઊંટ, માનવાકૃતિ, ફૂલો, પાંદડાં, ગરબા રમતાં નર-નારીઓ વગેરેની ડિઝાઇનોથી ભરતકામ કરવામાં આવે છે.

કચ્છી ઉપરાંત ગુજરાતના હીર, કાળી, આરી અને શીશભરત જેવાં ભરતકામ પ્રસિદ્ધ છે.

સંકલન - રાજેશ્રી દાણી

## અધ્યાપન સંકેત

શરૂઆતમાં આપેલા નકશાનું નિરીક્ષણ કરાવી કચ્છનો પરિચય કરાવવો. સાથે-સાથે પત્રલેખન એટલે શું? તે કેવી રીતે થાય? શા માટે થાય? તેની સમજ આપી, આજના સમયમાં પત્ર લેખનની કલા ભૂલાતી જાય છે તેનો ખ્યાલ આપીને વિષયવસ્તુ સમજાવવાનો પ્રયત્ન કરવો.

લઘુપ્રશ્નો પૂછતા જઈ પાઠનો ક્રમિક વિકાસ સાધવો. ચર્ચામાં વિદ્યાર્થીઓને સક્રિય રાખી તેમનામાંથી જેમણે જે વિસ્તાર જોયો હોય તેના વિશે વધારાની માહિતી આપવી. શક્ય હોય તો કૃતિ કરાવતાં પહેલાં અગાઉ ઈન્ટરનેટની મદદથી 'કચ્છ' વિશે વિદ્યાર્થીઓને જાણી લાવવા કહેવું. જેથી વિદ્યાર્થીઓ ચર્ચામાં સક્રિય ભાગ લઈ શકે. સ્વાધ્યાયોનો ખ્યાલ રાખી જરૂરી માહિતી આપવી.

**આપણી સંસ્કૃતિ આપણો સાચો વારસો છે.**


# ૭. તરુવર

★ કોણ શું આપે?

(શીતળતા, દૂધ, સુગંધ, વરસાદ, મધ, પાણી)

જેમ - સૂરજ - પ્રકાશ આપે છે.

| | | | |
|---|---|---|---|
| નદી | .................... | ગાય | .................... |
| ચંદ્ર | .................... | વાદળ | .................... |
| મધમાખી | .................... | ફૂલ | .................... |





તરુનો બહુ આભાર,
જગત પર, તરુનો બહુ આભાર.
ફૂલો આપે, ફળ બહુ આપે,
ગાડે ગાડાં બી પણ આપે,
છાયા ને વિસામો આપે,
પંખીનો મોટો આધાર ..........તરુનો
કાપો તોયે કોપ ન કરતું.
સુકાઈ જાતે બળતણ દેતું.
ઇમારતોનું લાકડ દેતું.
ઘરનો રાચ-સંભાર. ..........તરુનો
કઠિયારાની એ પર રોજી,
સુતારની એ મોટી પૂંજી,
પૃથ્વી માટે વાદળ ખેંચી
વરસાવે છે જળની ધાર ..........તરુનો
તરુઓની શિખામણ એવી
સૌ જીવોની સેવા કરવી,
તડકો વેઠી છાયા દેવી.
કરવો પર - ઉપકાર ..........તરુનો







- કિશોરલાલ મશરૂવાળા

## સ.૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) વૃક્ષ................................ (૨) પક્ષી ................................

(૩) ધન્યવાદ ......................... (૪) ક્રોધ ................................

(૫) બીજ ................................ (૬) મૂડી ................................

## સ.૨ નમૂના પ્રમાણે અંતાક્ષરી બનાવો.

જગત – તડકો – કોમલ – લગન – નગારા – રાસ

(૧) મહેલ – – – –

(૨) બંધન – – – –

(૩) દિવસ – – – –

(૪) બગીચો – – – –

## સ.૩ કહો કોણ. (સોની, કઠિયારો, લુહાર, કુંભાર)

લાકડું કાપે તે ..... કઠિયારો

લોખંડનું કામ કરે તે ..........

માટીનાં વાસણ બનાવે તે............

સોનાના દાગીના બનાવે તે.........

## સ.૪ ઉદાહરણ મુજબ વાક્યનું બહુવચન કરો.

દા.ત. ચીકુનું બી મોટું હોય છે.

ચીકુનાં બી મોટાં હોય છે.

૧. ઝાડ પર પંખીનો માળો છે.

૨. મોરનું ઈંડું મોટું હોય છે.

૩. ઝાડની ડાળી નીચી છે.

૪. ખેડૂત ખેતર ખેડે છે.

## સ.૫ લખી તો જુઓ.

(૧) જગતને ફળ-ફૂલ આપનાર ..................................

(૨) કઠિયારાની રોજી રોટી ..................................

(૩) જળની ધાર આના ઉપર વરસે ..................................

(૪) ઝાડની શીખામણ ..................................

## સ.૬ યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો.

(૧) આપણે ..............નો આભાર માનીએ છીએ.

(અ) વાદળ (બ) પૃથ્વી (ક) વૃક્ષ (ડ) આકાશ

(૨) વૃક્ષ સુકાઈ ગયા પછી.................આપે છે.

(અ) ફળ (બ) બળતણ (ક) ફૂલ (ડ) બીજ

(૩) તડકો વેઠીને વૃક્ષ .................આપે છે.

(અ) નૃત્ય (બ) પરોપકાર (ક) છાંયડો (ડ) મજા

(૪) વૃક્ષ મોટી પૂંજી છે.

(અ) સુથારની (બ) ચિત્રકારની (ક) કઠિયારાની (ડ) માળીની

## સ.૭ કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ લખો.

(૧) .......... પર તરુનો બહુ આભાર.

(૨) કાપો તો યે ................ ન કરતું.

(૩) વરસાવે છે.................. ની ધાર.

(૪) સૌ ................ ની સેવા કરવી.

(૫) તડકો વેઠી................... દેવી.

## સ.૮ ઉદાહરણ મુજબ 'નો, ની નું નાં' પ્રત્યય લખો.

ઉદા. : જળની ધાર

(૧) પંખી....... માળો

(૨) ઘર.......... રાચ-સંભાર

(૩) ઇમારતો........... લાકડું

(૪) પંખીઓ..... બચ્ચાં

(૫) કઠિયારા....... રોજી

(૬) તરુઓ.......... શિખામણ

## સ.૯ 'જો વૃક્ષ ન હોય તો' .......... આ વિષય પર તમારા વિચારો લખો.

### સંભાષણ

આંબો, લીમડો, ગુલાબ, મોગરો, તુલસી જેવા છોડ / વૃક્ષના મુખવટા પહેરી તેના વિશે ચાર-પાંચ વાક્યો બોલો.

## પ્રકલ્પ

★ ઘરમાં વપરાતી નકામી પ્લાસ્ટીકની બોટલમાં પાણી અથવા માટી ભરી તેમાં તમને મનગમતો છોડ વાવી તેને મોટો થતાં જુઓ... રોજ પ્રેમથી તેની સાથે વાતો કરો.

### હું વાંચું ........... તમે પણ વાંચો

### કીડી અને કબૂતર

તળાવ કાંઠે પીંપળ ઉપર,
એક કીડી ને એક કબૂતર
હરે ફરે ને સાથે રહેતા,
વાતો કરતાં જંતર મંતર
એક શિકારી ધનુષ લઈને,
હણવા તાકે બાણ કબૂતર
કીડી ચટકો ભરે, શિકારી
નિશાન ચૂકે, ઊડે કબૂતર
પાણીમાં કીડી સરકી ને
જાય તણાતી, જુએ કબૂતર
પીંપળપાન તળાવે નાખી
ફફડાવે છે પાંખ કબૂતર
પાન ઉપર કીડી બેઠી ને,
પાન લઈને ઊડે કબૂતર
ઝાડ ઉપર હરતાં ને ફરતાં
એક કીડી ને એક કબૂતર
દોસ્તોની વચ્ચે ના હોયે
જુદાઈ કેરું સહેજે અંતર



– દીનાનાથ વ્યાસ

## અધ્યાપન સંકેત

વૃક્ષોનું જીવનમાં મહત્ત્વ સમજાય એવા પ્રશ્નો પૂછીને ચર્ચા કરવી. તુલસી, પીપળો, વડ, લીમડો જેવા પરિસરમાં રહેલાં વૃક્ષ-છોડના ઔષધીય ગુણોની ચર્ચા કરવી, એ જ પ્રમાણે રસોઈમાં વપરાતાં મસાલા – શાકભાજી – અનાજ એ પણ છોડ દ્વારા મળતા ઘટકો છે. એના અનેક ઉપયોગો જણાવી કવિતાના મુખ્ય ભાવ તરફ આવવું. પર્યાવરણ રક્ષણ તરફ વિદ્યાર્થીઓને જાગૃત કરવા. વાતાવરણ શુદ્ધિ અને જલચક્રમાં વરસાદ માટે વૃક્ષોનું મહત્ત્વ સમજાવવું.

**વૃક્ષો વાવો – વરસાદ લાવો**

# ૮. વિટામિન ઝિંદાબાદ

– મગનલાલ ગંધા

નિરીક્ષણ અને ચર્ચા કરીએ.




(ડૉક્ટર, કંપાઉન્ડર, ૩ થી ૪ દર્દીઓ, વિટામિન એ, બી, સી, ડી.)
દવાખાનાનું દશ્ય – કંપાઉન્ડર ગીત ગણગણતો સફાઈ કરે છે અને ઘડિયાળ તરફ નજર કરે છે.

કંપાઉન્ડર : હં.... ૯ વાગ્યા ! હવે સાહેબ આવવા જોઈએ. (ત્યાં જ એક દર્દી પ્રવેશે છે.)

દર્દી ૧ : ડૉક્ટર સાહેબ છે કે?

કંપાઉન્ડર : હમણાં આવશે. ત્યાં બેસો.

દર્દી ૨ : છે કે ડૉક્ટર સાહેબ?

કંપાઉન્ડર : બેસો. હમણાં આવશે.

દર્દી ૩ : (શરીર ખંજવાળતા) અરે રે...સાહેબ! આ ખંજવાળ તો ભારે હેરાન કરે છે.

કંપાઉન્ડર : ત્યાં જ બેસો. સાહેબ હવે આવશે. ત્યાં સુધીમાં કેસ કઢાવી લો. (ત્રણે દર્દી વારાફરતી કંપાઉન્ડર પાસે આવે છે.)

દર્દી ૪ : ઓય..... ઓય..... મરી ગયો એ ડૉક્ટર સાહેબ ।

કંપાઉન્ડર : સાહેબ આવી જ રહ્યા છે. તમે ત્યાં જ બેસો (ત્યાંજ ડૉક્ટર પ્રવેશ કરે છે.)

કંપાઉન્ડર : 'ગુડ મોર્નિંગ ..... સર'

ડૉક્ટર : 'ગુડ મોર્નિંગ' (તેમની કેબિનમાં જાય છે.)

કંપાઉન્ડર : દર્દી-૧ અંદર જશે.

ડૉક્ટર : બોલો...... શું થાય છે તમને?

દર્દી-૧ : મારું આખું શરીર તૂટે છે. કળતર રહ્યા જ કરે છે. આંખે પૂરું દેખાતું નથી. રોગ જતો જ નથી.

ડૉક્ટર : અહીં સૂઈ જાવ. તપાસી આપું છું. (સ્ટેથોસ્કોપથી તપાસે છે. જીભ કઢાવે છે.)

ડૉક્ટર : બહારથી દવા લખી આપું છું. થોડી વાર બહાર બેસજો. (દર્દી-૧ બહાર નીકળે છે – બેલ વાગે છે.)

ડૉક્ટર : તમને શું થાય છે? કહો.

દર્દી-૨ : મને ભૂખ જ લાગતી નથી. ખાવાનું ભાવતું પણ નથી. સાંધા દુ:ખે છે, નબળાઈ લાગે છે. મોઢું પણ આવી ગયું છે.

ડૉક્ટર : (બેટરી લઈ મોઢું તપાસે છે.) આ તો રોગનું જ ઘર છે. દવા તો આપું છું પણ થોડીવાર બેસજો. (દર્દી-૨ બહાર નીકળે છે, બેલ વાગે છે, દર્દી-૩ પ્રવેશે છે.)

દર્દી-૩ : (શરીર ખંજવાળતાં ખંજવાળતાં જ) આ જુઓને ખંજવાળ જતી જ નથી. અને આ ગૂમડાં (પગનાં ગૂમડાં બતાવતાં) થયાં છે.

ડૉક્ટર : તમારું લોહી અશુદ્ધ થઈ ગયું છે. તમારે લોહી તો તપાસાવવું જ પડશે.

દર્દી : મોંના પેઢામાં રસી પણ થઈ છે.

ડૉક્ટર : આ દવા લખી આપું છું. બે દિવસ પછી ફરીથી બતાવવા આવજો. અને હમણાં થોડીવાર બેસજો. મારે કામ છે. (દર્દી-૩ જાય છે, બેલ વાગે છે, દર્દી-૪ પ્રવેશે છે.)

દર્દી-૪ : ડૉક્ટર સાહેબ, જુઓને આ શરીર ! ભગવાને મારા ઉપર કેવો અન્યાય કર્યો છે !

ડૉક્ટર : આ તો પેટ ગાગરડી ને પગ દોરડી છે. તમને તો 'સૂકતાન' લાગે છે. હું દવા લખી આપું છું. બહારથી લેવાની છે. થોડીવાર બેસો.

દર્દી-૪ : ભલે સાહેબ.

(ડૉક્ટર બેલ મારે છે. કંપાઉન્ડર પ્રવેશે છે.)

ડૉક્ટર : બધા દર્દીઓને અંદર મોકલ.

(દર્દીઓ સાથે જ અંદર પ્રવેશે છે.)

ડૉક્ટર : તમે ચારેય જણા શરીરની સંભાળ રાખતા નથી. સાચું સમજતા નથી તેથી હું તમને એક પછી એક ચાર પાત્રો દ્વારા સમજાવું છું. સમજવાનો પ્રયત્ન કરજો.

(ડૉક્ટર તાળી પાડે છે - વિટામિન એ પ્રવેશે છે.)

વિટામિન એ : જુઓ, દર્દી નં.૧, મારી સામે જુઓ. તમારા શરીરમાં મારી ખામી છે.

દર્દી-૧ : તમારું નામ શું છે?

વિટામિન એ : મારું નામ વિટામિન એ છે, મને મેળવવા તમારે પાંદડાંવાળી ભાજી, દૂધ, ગાજર, ફુદીનો, પપૈયાં, પાકી કેરી વગેરે ખાવાં જોઈએ. તો જ તમારી ફરિયાદ દૂર થશે.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટામિન બી પ્રવેશે છે.)

વિટામિન બી : બોલ ભાઈ દર્દી, તને થઈ શરદી; હું છું વિટામિન બી. મારી ખામીથી બેરીબેરી કે પેલાગ્રા જેવા રોગ થાય. જીભ-મોં આવી જાય. મને મેળવવા અનાજનાં ફોતરાં, કઠોળ, ઠંડાં, દૂધ, શાકભાજી ખાવાં જોઈએ.

દર્દી-૨ : આ તો સારું કહેવાય. દવાના પૈસા ના હોય તો પણ આ બધું તો ખવાય જ.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટામિન સી પ્રવેશે છે.)

વિટામિન સી : હું છું વિટામિન સી. દર્દી નં.૩, તમે આખું શરીર ખંજવાળો છો ને? તમારા શરીરને મારી જરૂર છે. કોબી ખા, ફ્લાવર ખા, ટામેટાં-ગાજર અને કાકડી ખા. આમળાં લીંબુ અને સંતરા ખા, ફણગાવેલા કઠોળ ખા.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટમિન ડી પ્રવેશે છે.)

વિટામિન ડી : મારું નામ વિટામિન ડી. દૂધ, કોડલીવર ઑઇલ, માખણ, સૂરજ આ બધું હોય તો મારી ખામી ન રહે. સવારનો સૂર્યપ્રકાશ-તડકો તો મફત મળે અને તેનાથી સૂક્તાન જાય.

ડૉક્ટર : જુઓ, તમારા રોગો સામે વિટામિન એ,બી,સી,ડી કઈ કઈ વસ્તુમાંથી મળે છે તે તમે સમજ્યાને?

દર્દીઓ : હા...... અમને બધું જ સમજાઈ ગયું.

વિટામિન એ : સાહેબ, હજુ વધુ સમજાવવા અમે સમૂહગીત ગાઈએ છીએ, દર્દીઓ તમે પણ સાથે ઝીલજો હોં !

ગીત : (કૂચગીતનો ઢાળ)

અમે વિટામિન, અમે વિટામિન

અમે જીવનશક્તિ દઈએ (૨)

એ : (દર્દી–૧ બતાવીને)

આંખની હતી ખામી અમને, હતી અશક્તિ સાથ

મારું સેવન કરશે નિત્ય, થઈ જશે નિરાંત.... અમે વિટામિન

બી : બેરીબેરી, સાંધાના દુઃખાવા, જીભ આંતરડાના રોગ (૨)

અનાજ, ફોતરાં, દૂધ, પનીર; કઠોળ, ઈંડાં રોજ

સી : લોહી અશુદ્ધિ, ખંજવાળ ને; દુઃખે દાંતના પેઢાં (૨)

કોબી, ફ્લાવર, ટમેટાં, ગાજર; કાકડી, લીંબુ, ભેળાં (૨)

ડી : દૂધ, માખણ, કોડલીવર ઑઇલ લેજે; સૂર્યકિરણ તો મ...ફ.....ત.

તારું આ સૂક્તાન જશે ને; રાહત થાશે. ત...ર....ત.

બધાં : અમે વિટામિન, અમે વિટામિન;

અમે જીવનશક્તિ દઈએ (૨)

''વિટામિન ઝિંદાબાદ'', ''વિટામિન ઝિંદાબાદ.'' – મગનલાલ ગંધા

## સ્વાધ્યાય

### સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ખણ................................ (૨) કાયા ................................

(૩) રસના ................................ (૪) ઉણપ ................................

(૫) રક્ત ................................ (૬) રાવ ................................

(૭) પરુ ................................ (૮) વડે ................................

### સ.૨ આડાઅવળા અક્ષરો ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) જખંળવા................................ (૨) સાપાતવું ................................

(૩) ઈનળાબ ................................ (૪) જીકશાભા ................................

(૫) રકાવલીડ ................................ (૬) વુંણફવગા ................................

### સ.૩ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(૧) સાથે મળીને ગવાતું ગીત ..................

(૨) જીવન જીવવાનું બળ ..................

(૩) શરીરમાં થતી પીડા ..................

(૪) શુધ્ધ નહીં તેવું ..................

(૫) ધબકારા માપવા માટેનું ડૉક્ટરનું સાધન ..................

## સ.૪ નમૂના પ્રમાણે શબ્દો બનાવો.

કાઢવું - કઢાવવું

(૧) વાંચવુ................................ (૨) લખવું ................................

(૩) નાચવું ................................ (૪) પડવું ................................

(૫) પૂછવું ................................ (૬) આપવું ................................

(૭) સમજવું ................................ (૬) કરવું ................................

## સ.૫ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) વીટામિન - એ | (અ) લોહી અશુધ્ધિ |
| (૨) વીટામિન - બી | (બ) સૂક્તાન |
| (૩) વીટામિન - સી | (ક) આંખની ખામી |
| (૪) વીટામિન - ડી | (ડ) બેરીબેરી |

## સ.૬ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(૧) વિટામિન (૨) ખંજવાળ (૩) સૂક્તાન

(૪) નબળાઈ (૫) શાકભાજી (૬) કળતર

## સ.૭ રેખાંકિત શબ્દ પરથી બીજો શબ્દ બનાવી ખાલી જગ્યા પૂરો.

દા.ત. સાંધા દુ:ખે છે. તેનો દુખાવો અસહ્ય છે.

(૧) બાળકો નિર્દોષ હોય છે. તેમની................ બધાંને ગમે છે.

(૨) કારેલાં કડવાં હોય છે. તેની.................. બધાંને ગમતી નથી.

(૩) તે નબળો છે તેથી તેનામાં ............. છે.

(૪) તેને પગ કળે છે અને ................ ને લીધે તેનાથી ચલાતું નથી.

(૫) ભાઈ એકલો કમાય છે. તેની .................. થી ઘર ચાલે છે.

## સ.૮ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્યો પૂરાં કરો.

(૧) ડૉક્ટર દવાખાનામાં સામાન્ય રીતે.....

(અ) ૮.00 વાગ્યાની આસપાસ આવે છે.

(બ) બરાબર ૯ વાગ્યે આવે છે.

(ક) ૯ વાગ્યાની આસપાસ આવે છે.

(૨) ભૂખ ન લાગે, ખાવાનું ન ભાવે તો....

(અ) મોઢું આવી જાય છે.

(બ) શરીરમાં અશક્તિ લાગે છે.

(ક) આંખે બરાબર દેખાતું નથી.

(૩) સવારનો સૂર્યપ્રકાશ શરીરને મળે તો...
(અ) 'સૂક્તાન' નો રોગ થતો નથી.
(બ) લોહીની અશુધ્ધિ થતી નથી.
(ક) શરીરમાં ખંજવાળ આવતી નથી.

**સ.૯ પાઠના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

(૧) તમારું લોહી.................. થઈ ગયું છે. તમારે લોહી તો .............જ પડશે.

(૨) અમે વિટામિન અમે વિટામિન અમે................. દઈએ.

(૩) આ તો પેટ............. અને પગ દોરડી છે. તમને તો ................ લાગે છે.

(૪) અરેરે............. સાહેબ ! આ.................. તો ભારે હેરાન કરે છે.

**સ.૧૦ નીચેનાં વાક્યો કોણ બોલે છે? કોને કહે છે?**

(૧) ''ત્યાં જ બેસો, સાહેબ હવે આવશે. ત્યાં સુધીમાં કેસ કઢાવી લો.''

(૨) ''ઓય.....ઓય..... મરી ગયો એ ડૉક્ટર સાહેબ.''

(૩) ''આ તો સારું કહેવાય. દવાના પૈસા ના હોય તો પણ આ બધું તો ખવાય જ.''

(૪) ''હા......... અમને બધું જ સમજાઈ ગયું.''

**સ.૧૧ સમજીને લખો.**

(૧) નાટકમાંનાં પાત્રો ...................... , .......................... , .....................

(૨) દવાખાનાની સફાઈ કરનાર ..........................

(૩) દવાખાનામાં બેઠેલાં દર્દીઓની સંખ્યા ..........................

(૪) સવારના સૂર્યપ્રકાશનો તડકો લેવા પાછળનું કારણ ..........................

(૫) વિટામિનની સમજ માટે દર્દીઓએ સાથે મળીને ગાયેલા ગીતની કોઈપણ બે લીટી.........

..........................................................................................

**સ.૧૨ 'સમતોલ આહાર' કોને કહેશો? તે ઓછામાં ઓછા ત્રણ-ચાર વાક્યોમાં લખો.**

**સંભાષણ**

'સમતોલ આહાર' વિશે નીચેના મુદ્દાને આધારે ચર્ચા કરો.

૧) પ્રોટીન ૨) ક્ષાર ૩) વિટામીન ૪) કાંજી ૫) ચરબી ૬) પાણી

## પ્રકલ્પ

'સમતોલ આહાર' ના મુખ્ય ઘટકોનાં નામ લખી તે શેમાં શેમાંથી મળે છે? તેનાં ચિત્રો ચોંટાડીને એક ભીંતપત્રક તૈયાર કરો.

**હું વાંચું ........... તમે પણ વાંચો**

### દર્દી અને દર્દ વચ્ચેનો સંવાદ...

દર્દી : તને તો ખબર હોવી જોઈએ કે હું મોટી જવાબદારીઓ માથે લઈને બેઠો છું અને એટલું બધું કામ કરું છું કે મને લગીરે ફુરસદ મળતી નથી. મારા જેવા માણસને પાંચ દહાડા પથારીમાં પડ્યું રહેવું ન પાલવે. મહેરબાની કરી.... મારો પીછો છોડ.

દર્દ : હું ક્યાં વગર નોતર્યે આવું છું? હું તો તારા પોતાના જ આમંત્રણથી આવું છું.

દર્દી : મેં તને ક્યારે નોતર્યો?

દર્દ : તારા પેટને તું પૂછી જો. તારી રહેણી કરણીને પૂછી જો. એ તારા પ્રતિનિધિઓ છે ને એ મને ખાસ ચાહીને બોલાવે છે, ત્યારે જ હું આવું છું.

દર્દી : (વિસ્મય પામી) તારી આ વાત મારી સમજમાં કેમ આવે? જરા વિગતે સમજાવ.

દર્દ : ત્રણ માણસને જોઈએ એટલું તો તું એકલો જ ખાઈ જાય છે. એ પચાવવા માટે શ્રમ કરવો જોઈએ એ તું નથી કરતો. એટલું જ નહિ, પણ બે ડગલાં ચાલતો ય નથી. અને જ્યારે જુઓ ત્યારે ખુરશી પર જ બેઠો રહે છે. આનું પરિણામ એ જ મારા આગમનનું કારણ છે. સમજ્યો?

દર્દી : હં.... હવે સમજ્યો.

## અધ્યાપન સંકેત

પાઠની શરૂઆતમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરાવી વર્ગમાં વિસ્તૃત રીતે સક્રિય ચર્ચા કરવી. 'તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે.' આ સુવાક્યને સમજાવી સમતોલ આહારની વાત કરી વિજ્ઞાનના વિષય સાથે અનુબંધ જોડવો. વિટામિન બાબત વિદ્યાર્થીઓમાં રહેલા જ્ઞાનની પ્રશ્નો દ્વારા ખાતરી કરી પ્રસ્તુત પાઠમાં આપેલી માહિતી આપવી. આ કૃતિ શીખી ગયા પછી વિદ્યાર્થીઓ પોતાના ખોરાકમાં પરિવર્તન કરે તે માટે પ્રેરણા આપવી. ડૉક્ટરના સુંદર પાત્ર માટે પ્રશંસા કરીને આજના ડૉક્ટર વિશે પણ ચર્ચા કરવી.

**પહેલું સુખ તે જાતે નર્યા.**

## ઉપક્રમ

★ નીચે આપેલા નમૂના પ્રમાણે શબ્દો બનાવો.

ઉદા. મા છ લી  મા – માતા  છ – છલાંગ  લી – લીમડો

★ જગત– જ ............... ★ વાદળ – વા ............. ★ વિસામો – વિ ...........

ગ .............  દ .............  સા ...........

ત ..............  ળ .............  મો ............

★ નીચેના શબ્દચોરસમાંથી 'તરુવર' કાવ્યમાં આવતા પાંચ શબ્દો શોધો અને વાક્ય બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| બ | ળ | ત | ણ | ભૂ |
| આ | કી | મ | જ | ખે |
| મ | ખા | લ | ગ | આ |
| શિ | કો | ડ | ત | ઘા |
| સ | ઉ | પ | કા | ર |

ઉદાહરણ : બળતણ : ઝાડ આપણને બળતણ આપે છે.

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

## ભાષિક સમજ

## વિશેષણ

### વિશેષણના પ્રકાર

**નીચેનાં વાક્યો વાંચો.**

૧) ગંગા પવિત્ર નદી છે.  ૨) નમ્ર બાળકો સૌને ગમે

૩) ગરીબ માણસને મદદ કરો.  ૪) તેણે નવી ગાડી ખરીદી.

રેખાંકિત શબ્દ **ગુણવાચક વિશેષણ** છે જે કેવો, કેવી, કેવું, કેવાં સાથે પ્રશ્ન પૂછવાથી મળે છે.

(૧) ગંગા કેવી નદી છે?  (૨) કેવાં બાળકો સૌને ગમે?

(૩) કેવા માણસને મદદ કરશો?  (૪) તેણે કેવી ગાડી ખરીદી?

**નીચેનાં વાક્યો વાંચો.**

૧) વર્ગમાં ત્રીસ વિદ્યાર્થીઓ છે.  વર્ગમાં કેટલા વિદ્યાર્થી છે?

૨) હાથમાં બે બંગડીઓ છે.  હાથમાં કેટલી બંગડીઓ છે?

રેખાંકિત શબ્દ **સંખ્યાવાચક વિશેષણ** છે જે કેટલા, કેટલી, કેટલાં સાથે પ્રશ્ન પૂછવાથી મળે છે.

ઉત્તર લખવા કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો : (લાલ, મોટો, સપ્તરંગી, પાતળી, લાંબી, સુંદર, લીલુછમ, રંગબેરંગી, જાડો, ચતુર, લુચ્ચું, લીલો, વહેતી, શેકેલા, ધોળો, વફાદાર)

૧) પોપટનો રંગ કેવો છે?......................
૨) હાથી કેવો છે?...............................
૩) કાગડો કેવો છે?......................
૪) ગુલાબનો રંગ કેવો છે?......................
૫) પર્વત કેવો છે?...............................
૬) બિલાડી કેવી છે?............................
૭) જિરાફની ડોક કેવી છે?......................
૮) લાકડી કેવી છે?.............................
૯) નદી કેવી છે?.................................
૧૦) મેઘધનુષ કેવું છે? .........................
૧૧) ખેતર કેવું દેખાય છે? ....................
૧૨) શિયાળ કેવું હોય? .........................
૧૩) મકાઈના ડોડા કેવા છે? ..................
૧૪) પતંગિયાં કેવાં હોય? ........................
૧૫) બગલાનો રંગ કેવો છે? ....................
૧૬) કૂતરો કેવો હોય?

## યાદ રાખો

★ કેવો, કેવી, કેવું, કેવા, કેવાં થી પ્રશ્ન પૂછી ઉત્તર રૂપે જે શબ્દ આવે, તેને વ્યાકરણની ભાષામાં 'વિશેષણ' કહેવાય.

★ વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે.

★ વાક્યમાંથી વિશેષણનો શબ્દ કાઢી લેવા છતાં તે વાક્યનો અર્થ બરાબર સમજાય છે.

ચતુર ગધેડો - લાલ ગુલાબ - હોંશિયાર ગલુડિયું - સુંદર પક્ષી

લાલ, સુંદર, હોશિયાર, ચતુર વિશેષણ છે.

આ **અવિકારી વિશેષણ** છે. 'અ' એટલે નહિ અને 'વિકાર' એટલે ફેરફાર.

નાનો છોકરો - નાના છોકરાઓ

નાની છોકરી - નાની છોકરીઓ

નાનું બાળક - નાનાં બાળકો

નાનું, મોટું, મોંઘું, નવું, જૂનું, સાંકડું, પહોળું વગેરે વિશેષણો છે.

જેમાં નામને કારણે ફેરફાર થાય છે. આ **વિકારી વિશેષણ** છે.

## સ્વાધ્યાય

**નીચેનામાંથી વિકારી અને અવિકારી વિશેષણો છૂટાં પાડો.**

ચાલાક, ઊંડું, તાજું, વાસી, નમ્ર, ગુલાબી, સફેદ, કાળું, સસ્તું, લીસું, અભણ, ભણેલું, લીલું, ઠોઠ

## લેખક-કવિ પરિચય

### (૧) મૈત્રીભાવનું પવિત્ર ઝરણું (પ્રાર્થના)

ચિત્રભાનુ : શ્રી ચિત્રભાનુ પ્રમોદજી જૈન મુનિ છે. તેમનો જન્મ ૧૯૨૨માં રાજસ્થાનમાં તખ્તગ્રહમાં થયો હતો. તેઓ જૈન ધર્મના તત્વજ્ઞાની છે. ૧૯૭૦માં સાધુ જીવનમાંથી પાછા ફર્યા બાદ તે શ્રાવક બની રહ્યા. તેમણે જૈન ધ્યાનકેન્દ્રની સ્થાપના મેનહટનમાં કરી છે. તેમણે કુલ ૨૫ પુસ્તકો લખ્યાં છે.

### (૩) ત્રિરંગો : લહેરાતો (દેશભક્તિ)

મણિલાલ એમ શ્રીમાળી 'મિલન' : મણીલાલ શ્રીમાળીનો જન્મ ઈ.સ. ૧૯૫૭માં અમદાવાદના પીસાવડામાં થયો હતો. તેઓ ગાંધીનગર સ્થિત સ્ટેટ બેંક ઑફ ઇંડિયાના ડેપ્યુટી હેડ કેશિયર તરીકે ફરજ પર હતા. 'ચરિત્ર', 'ડોલતાં ફૂલડાં', 'તરણું', 'હીંચકો' તેમનાં પ્રસિદ્ધ પ્રકાશનો છે.

### (૪) મૂર્તિ (પ્રસંગકથા)

આઇ. કે. વીજળીવાળા ★ ડૉ. ઇનુસભાઇ કે વીજળીવાળાનો જન્મ ઈ.સ. ૧૯૬૦માં ભાવનગર જિલ્લાના અમરગઢમાં થયો હતો. તેઓ એમ.ડી. (બાળરોગ નિષ્ણાત) થયેલા છે. તેમણે ગુજરાતી પુસ્તકોનો ભાવાનુવાદ કર્યો છે. ઉપરાંત સત્યકથાઓ પણ લખી છે. બાળસાહિત્યમાં હીરાનો ખજાનો અને બાળ આરોગ્યશાસ્ત્ર જેવી જાણીતી કૃતિઓ લખી છે. 'ઉંદરભાઇને આંખો આવી.' આ બાળ કાવ્યને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઍવોર્ડ મળ્યો છે.

### (૫) ખમ્મા વીરાને (સ્નેહગીત)

ન્હાનાલાલ : ન્હાનાલાલનો જન્મ ઈ.સ. ૧૮૭૭માં અમદાવાદમાં થયો હતો. તેમણે વિપુલ અને રરસ-સભર સાહિત્ય સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. કાવ્યો, નાટકો, નવલકથા, વિવેચન, ચરિત્ર વગેરે સાહિત્યના ક્ષેત્રમાં તેમણે ખેડાણ કર્યું છે.

### (૬) સુગંધ કચ્છની (પત્રલેખન)

ડૉ. દર્શના ધોળકિયા : દર્શના ધોળકિયાનો જન્મ ઈ.સ. ૧૯૬૨માં કચ્છમાં ભૂજ ખાતે થયો છે. તેઓ એમ.એ. પી.એચ.ડી. થયા છે. શ્રી.આર.આર. લાલન કૉલેજ ભૂજ ખાતે વ્યાખ્યાતા તરીકે કાર્યરત છે. ગુજરાતી સાહિત્યમાં વિવિધ ક્ષેત્રે તેમનું પ્રદાન છે. તેમને નરસિંહ ચરિત્ર અને ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

### (૭) તરુવર - (પર્યાવરણ ગીત)

કિશોરલાલ મશરૂવાળા : તેઓ ગાંધીયુગના લેખક હતા. તેમનો જન્મ ૧૮૯૦માં થયો હતો. સામાજિક અને આધ્યાત્મિક વિષયો પર તેમની પકડ હતી. આઠ વર્ષ સુધી તેઓ 'હરિજન'ના સંપાદક હતા. 'ગાંધી અને માર્કસ', 'ગીતાધ્વનિ' 'બુધ્ધ અને મહાવીર' એ તેમનાં પ્રસિધ્ધ પુસ્તકો છે.

### (૮) વિટામિન ઝિંદાબાદ (નાટક)

**મગનલાલ ગંધા** : તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૭માં જામ-જોધપુર (રાજકોટ)માં થયો હતો. બી.એ.; બી.એડ; હોવાથી તેમનામાં શિક્ષક તરીકેના સહજ ગુણો હતા. તેમની 'પછેડી જેવડી સોડ' કૃતિ ભારત સરકાર દ્વારા પુરસ્કૃત હતી. તો 'રખડપટ્ટી' ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત હતી. 'ઇચ્છાનાં હરણ' તેમનો કાવ્યસંગ્રહ છે.

# અપેક્ષિત ક્ષમતા

| અ.ક્ર. | ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|---|
| ૧ | શ્રવણ | ★ ઘર-પરિસરમાં થતાં અનૌપચારિક સંભાષણ સાંભળીને સમજે.<br>★ કવિતાનો આનંદ લે. કવિતાનો તાલ-લય સાંભળે અને સમજે.<br>★ નાટકનું શ્રવણ કરે.<br>★ પરિચિત અને અપરિચિત પ્રસંગો તથા સંવાદ સમજપૂર્વક સાંભળે. |
| ૨. | ભાષણ-સંભાષણ | ★ ગીતો, કવિતા, પ્રાર્થના યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે આનંદથી ગાઈ શકે.<br>★ મોટી વ્યક્તિ સાથે આદરથી બોલી શકે.<br>★ મિત્રો સાથે જૂથચર્ચામાં પોતાની બાજુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે.<br>★ આપેલા શબ્દ, સરળ શબ્દસમૂહ કે રૂઢિપ્રયોગનો વ્યવહારમાં બોલતી વખતે સહજ ઉપયોગ કરી શકે.<br>★ ચિત્રવર્ણન કરી શકે.<br>★ નાની વાર્તા કહી શકે.<br>★ શાલેય કાર્યક્રમો, પ્રસંગો ઘટનાઓનું વર્ણન કરે. |
| ૩. | વાંચન | ★ યોગ્ય ગતિમાં સમજપૂર્વક પ્રકટ વાંચન કરે.<br>★ યોગ્ય ગતિમાં સમજપૂર્વક મૂક વાંચન કરે.<br>★ પાઠ્યપુસ્તકમાંની બધી અને પાઠ્યપુસ્તક બહારની સરળ શબ્દોવાળી કવિતા વાંચે.<br>★ વાર્તા, સંવાદ, નાટક, પાઠ વાંચીને તેનો આનંદ લે.<br>★ સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજીને વાંચે.<br>★ બાળસાહિત્યના ગીતો / વાર્તા વાંચે, સમજે અને તેનો આસ્વાદ લે.<br>★ ગુજરાતી શબ્દકોશ વાંચે. |
| ૪. | લેખન | ★ પોતાના શબ્દોમાં ચિત્રવર્ણન કરી શકે.<br>★ અધૂરી વાર્તા / અધૂરો પ્રસંગ પૂર્ણ કરી શકે.<br>★ આપેલા વિષય પર ટૂંકો સંદેશો લખી શકે.<br>★ મોબાઈલમાં આવતા મેસેજ સુંદર અક્ષરે લખી શકે.<br>★ આપેલા વિષય પર આઠ-દસ સરળ વાક્યો લખી શકે |
| ૫. | અધ્યયન કૌશલ્ય | ★ ભાષા સમૃદ્ધિ માટે વિવિધ બાલસાહિત્ય અને સંસ્કાર પોષક સાહિત્યના સંગ્રહ માટે તત્પર બને.<br>★ સરળ શબ્દસમૂહ અને કહેવતોનો રોજબરોજના જીવનમાં સરળ ઉપયોગ કરે.<br>★ સુવિચાર, સંદેશ, વાર્તા સરળતાથી વ્યક્ત કરે.<br>★ આત્મવિશ્વાસપૂર્વક સંવાદમાં સહભાગી બને.<br>★ ગુજરાતી ભાષા સાથે અન્ય ભાષા શીખવાનો અભિગમ કેળવે.<br>★ ઇન્ટરનેટ ઉપર વિવિધ પેજ અને વેબસાઈટ જુવે, સમજે અને માહિતીનો અભ્યાસમાં ઉપયોગ કરે. |
| ૬. | ભાષિક સમજ | ★ નામ, સર્વનામ વિશેષણ ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરે.<br>★ આપેલા શબ્દોના લિંગ-વચન ઓળખે.<br>★ શબ્દકોયડા ઉકેલી શકે.<br>★ શુદ્ધ લેખનનાં નિયમાનુસાર લખી શકે.<br>★ જીવનમૂલ્યો અને રાષ્ટ્રપ્રેમ કેળવવા માટે સક્ષમ બને.<br>★ લેખિત અથવા મૌખિક માહિતી પરથી અનુમાન કરતાં શીખે.<br>★ ભાષિક કૌશલ્યો વિકસે. |

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

गुजराती साहित्य परिचय इयत्ता सातवी

₹ ૨૭.૦૦

